સુવિચાર

દરેક વ્યકિત અરીસાની સામે પોતાને શણગારે છે, પરંતુ અરીસાની જેમ સ્વચ્છ હૃદય કોઈ રાખતું નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



શહેરમાં ચોરાઉ ૬ માલવાહક રિક્ષા અને એક બાઈક સાથે તસ્કર બેલડી ઝડપાઈ P-4

Year-16, Issue-79 ■ DATE : 09-07-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહિસાગર નદી પરનો ગંભીરા બ્રિજ તુટી પડતા ૯ના મોત

**અડધો ડઝન વાહનો નદીમાં ખાબકયાઃ ૩ લોકોને ઈજા, આઠનું રેસ્કયુઃ પુલ તૂટી પડવાને પગલે બન્ને બાજુ વાહનોની કતાર સાથે ટ્રાફિકજામ સર્જાયોઃ સરકાર દ્વારા મૃતકોના પરિવારજનોને ૪ લાખની સહાય તેમજ ધાયલોને ૫૦ હજારની સહાયની જાહેરાત**







**મુખ્ય સમાચાર, વડોદરા**

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતને જોડતો વડોદરા નજીક મહીસાગર નદી પરનો ગંભીર બ્રીજ આજે સવારે એકાએક તૂટી પડતા રૂલ પરથી પસાર થઈ રહેલા અર્ધોડઝન વાહનો નદીમાં ખાબકતા હતા. નવ લોકોના ડુબી જવાથી મોત થયા હતા. ત્રણ ઈજાગ્રસ્ત હતા અને આઠનુ રેસ્કયુ કરાયુ હતું.

પુલ તૂટી પડવાને પગલે બન્ને બાજુ વાહનોની કતાર સાથે ટ્રાફિકજામ સર્જાયો હતો. દુર્ઘટનાના કલાકો પછી પણ કોઈ સરકારી તંત્ર ન ફરકતા જબરો આક્રોશ ફેલાયો હતો.

આ દુર્ઘટના વિશે પ્રાપ્ત માહિતી પ્રમાણે મધ્ય ગુજરાત (વડોદરા-આણંદ)થી ગુજરાતને જોડતો અને વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મુજપર પાસેથી પસાર થતો ગંભીરા બ્રીજ આજે સવારે તૂટી પડયો હતો. બે કટકા થઈ ગયા હતા. આ વખતે ત્યાંથી પસાર થતા બે ટ્રક, એક પીકઅપ વાન, બાઈક સહિત અર્ધોડઝન વાહનો નદીમાં ખાબકયા હતા.

આ દુર્ઘટના બનતા જ આસપાસના લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. વાહનો સાથે નદીમાં ખાબકેલા લોકોને બચાવવાની કામગીરી કરી હતી. સરકારી વિભાગોને જાણ કરવામાં આવી હતી છતાં કલાકો સુધી તંત્ર નહીં ફરકતા આક્રોશ સર્જાયો હતો.

પ્રાથમિક માહિતી પ્રમાણે વાહનો સાથે ખાબકેલા લોકોમાંથી નવના ડુબી જવાથી મોત નિપજયા હતા. ત્રણ ઈજાગ્રસ્ત માલુમ પડતા હોસ્પીટલો ખસેડાયા હતા. આઠને રેસ્કયુ કરાયા હતા. વધુ વાહનો કે લોકો છે કે કેમ તે વિશે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પુલ તૂટવાની દુર્ઘટનાને પગલે બ્રીજની બન્ને બાજુ વાહનોની કતારો સાથે ટ્રાફીક જામ સર્જાયો હતો. મોડે-મોડે પહોંચેલા તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગ શરૂ કરાવવાની કવાયત કરવામાં આવી હતી.

ચોમાસાના પ્રારંભે જ રાજયભરમાં શહેરીથી માંડીને હાઈવે સુધીના રસ્તા ભાંગી તૂટી ગયા છે. પ્રચંડ જનઆક્રોશને પગલે સરકાર દ્વારા તત્કાળ રીપેરીંગ શરૂ કરાવવામાં આવ્યુ જ છે તેવા સમયે હવે બ્રીજ તૂટતા રોષ ભભુકી ઉઠયો છે.

વડોદરા નજીક મહીસાગર નદી પરનો પુર આજે સવારે તૂટી પડયો હતો. કોંગ્રેસે બ્રિજમાં બિહાર જેવા ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસનાં પ્રવકત મનીષ દોશીએ કહ્યું કે ગંભીર બ્રિજનું સમારકામ થોડા વખત પુર્વે જ થયુ હતું. ત્યારપછી પણ ભારે વાહનો નિકળે ત્યારે ધ્રુજતો હતો સ્થાનિક લોકોએ વારંવાર રજુઆત કરી હતી. પરંતુ બેદરકારી અને ભ્રષ્ટાચારની નીતિને કારણે બ્રિજ પરનાં ખાડા માત્ર કપચીથી બુરી દેવામાં આવ્યા છે. દુર્ઘટનામાં ૯ લોકોના મોત થયા છે. તેની જવાબદારી કોની તેવો સવાલ ઉઠાવીને તેઓએ બિહાર જેવા ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો હતો. આ બ્રિજને મોતનો પૂલ (સ્યુસાઈડ બ્રિજ) તરીકે જ સ્થાનિકો ઓળખતા હોવાનું પણ તેમણે કહ્યું હતું.

## નવું આધાર કાર્ડ બનાવવા કે અપડેટ કરાવવા ચાર દસ્તાવેજો ફરજીયાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવુ આધાર કાર્ડ બનાવવા કે પછી જુનુ આધારકાર્ડ અપડેટ કરાવવા માટેના નિયમો બદલી ગયા છે. ભારતીય વિશિષ્ટ ઓળખ ઓથોરીટી (યુઆઈડીએઆઈ) તરફથી આધારમાં નામ, સરનામા, અને ફોટોમાં ફેરફાર કરાવવા માટે નવી શરતો નિર્ધારીત કરાઈ છે.

હવે આધાર બનાવવા માટે ચાર ફરજીયાત દસ્તાવેજો આપવા પડશે. યુઆઈડીએઆઈએ વર્ષ ૨૦૨૫-૨૬ માટે જરૂરી દસ્તાવેજોની યાદી જાહેર કરી છે. યુઆઈડીએઆઈએ સ્પષ્ટ કહ્યું છે કે, જો કોઈના ભૂલથી બે કે વધુ આધાર નંબર બની ગયા છે.

તો સૌ પ્રથમ જાહેર થયેલ આધાર જ માન્ય રહેશે અને બાકીના આધાર રદ કરવામાં આવશે. હવે આધાર બનાવવા કે તેમાં ફેરફાર કરવા માટે ચાર જરૂરી દસ્તાવેજો રજુ કરવા પડશે. જેમાં ઓળખપત્ર સરનામાનું પ્રમાણ, જન્મ પ્રમાણપત્ર અને સંબંધનું પ્રમાણપત્ર સામેલ છે.

આધારના સંબંધમાં આ ફેરફાર ભારતીય નાગરિકોની સાથે સાથે વિદેશોમાં રહેતા ભારતીય નાગરિક, પાંચ વર્ષથી વધુ વયના બાળકો, લાંબા સમયગાળાના વીઝા પર ભારતમાં રહેતા લોકો પર લાગુ થશે.

વિદેશી નાગરિકો અને ઓસીઆઈ કાર્ડ રાખનારાને વિદેશી પાસપોર્ટ, વીઝા, નાગરિકતા સર્ટીફીકેટ કે એફઆરઆરઓથી મળેલ નિવાસી પરમિટ જેવા દસ્તાવેજો આપવા પડશે.

## રાજસ્થાનમાં જગુઆર ફાઈટર જેટ ક્રેશઃ ૨નાં મોત



**મુખ્ય સમાચાર, ચુરુપ**

રાજસ્થાનના ચુરુમાં ભારતીય વાયુસેનાનું ફાઈટર જેટ ક્રેશ થયું છે. ન્યૂઝ એજન્સી અનુસાર, આ જગુઆર ફાઈટર જેટ છે. આ દુર્ઘટનામાં ૨ લોકોના મોત થયા છે. ફાઈટર જેટ જેવો કાટમાળ ઘટનાસ્થળે વિખરાયેલો છે.

ચુરુના એસપી જય યાદવે જણાવ્યું હતું કે રાજલદેસર પોલીસ સ્ટેશન વિસ્તારના ભાનુડા ગામમાં વિમાન દુર્ઘટના ઘટી છે. આમાં બે લોકોના મોત થયા છે. રાજલદેસર પોલીસને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે.

કાટમાળ પાસે વિકૃત હાલત-માં મૃતદેહોના ટુકડા મળી આવ્યા છે.

## રાજકોટ સહિત દેશભરના ૨૫ કરોડ કર્મચારીઓની હડતાલ

**ચેક કલિયરિંગ, કેસ પેમેન્ટ સહિતના કરોડો રૂપિયાનો વ્યવહાર ખોરવાયોઃ ઉદ્યોગ, ખનીજ, પરિવહન, બેંકો, વિમા, ટેલીકોમ, વિજળી, આરોગ્ય શિક્ષણ, આંગણવાડી, આશા વર્કર મધ્યાહન ભોજનના કર્મચારીઓ પણ બંધમાં જોડાયા**



તસવીર : આનંદ જાવીયા








**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે સરકારની મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને દેશ વિરોધી કોર્પોરેટ-કેન્દ્રિત નીતિઓના વિરોધમાં આ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ હડતાળમાં બેંકિંગ, વીમા અને પોસ્ટલ સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાયા છે. આ હડતાળનું એલાન ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ આપ્યું છે અને તેને ભારત બંધ નામ આપવામાં આવ્યું છે. ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના અમરજીત કૌરે જણાવ્યું હતું કે હડતાળમાં ૨૫ કરોડથી વધુ કામદારો ભાગ લે તેવી અપેક્ષા છે. દેશભરમાં આ વિરોધ પ્રદર્શનમાં ખેડૂતો અને ગ્રામીણ કામદારો પણ ભાગ લીધો હતો. ભારત બંધનું એલાન કરી રહેલા સંગઠનોએ ગયા વર્ષે શ્રમ મંત્રી મનસુખ માંડવિયાને ૧૭ મુદ્દાની માંગણીઓનો ચાર્ટર સુપરત કર્યો હતો. તેમનું કહેવું છે કે સરકાર છેલ્લા ૧૦ વર્ષથી વાર્ષિક શ્રમ સંમેલનનું આયોજન કરી રહી નથી. મજૂર સંગઠનોના મંચ દ્વારા એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે આર્થિક નીતિઓને કારણે બેરોજગારી વધી રહી છે, આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે, વેતન ઘટી રહ્યું છે રાજકોટના પણ ૨૫૦૦થી વધુ કર્મચારીઓ આ હડતાલમાં જોડાયા હતા. બેંક અને એલઆઈસીના કર્મચારીઓએ આજે સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી પોતાની માંગણી દહોરાવી હતી.

## શિક્ષણ પાછળ લખલુંટ ખર્ચ છતાં બાળકોમાં પાયાનું જ્ઞાન શુન્ય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



શિક્ષણમાં વ્યાપ વધારવા તથા તમામ બાળકોને શિક્ષિત કરવા અનેકવિધ પ્રોત્સાહક યોજનાઓ વચ્ચે પણ સ્તર કથળેલુ છે તેવો ખુલાસો શિક્ષણ મંત્રાલયનાં રાષ્ટ્રીય સર્વેક્ષણમાં થયો છે.ધો.૬ માં ભણતા ૪૩ ટકા વિદ્યાર્થીઓ પુસ્તકની મુખ્ય બાબતો ગ્રહણ કરી શકતા નથી અને ધો.૯ ના ૬૩ ટકા બાળકોને પાયાના ગણિતમાં પણ તકલીફ છે.

એટલુ જ નહિં ધો.૬ ના ૫૪ ટકા વિદ્યાર્થીઓ મોટા આંકડા વાંચી શકતા નથી. પરબ રાષ્ટ્રીય સર્વેક્ષણ હેઠળ દેશનાં ૩૬ રાજયો કેન્દ્ર શાસીત પ્રદેશોનાં ૭૮૧ જીલ્લાની ૭૪૨૨૯ શાળાઓમાં ધો.૩,૬ અને ૯ ના ૨૧ લાખથી વધુ વિદ્યાર્થીઓનો સર્વે કરવામાં આવ્યો હતો તેમાં કેટલાંક ચોંકાવનારા તારણ નિકળ્યા હતા.

વિદ્યાર્થીઓને ૧૦ સુધીનાં આંકના ટેબલ આવતા ન હોવા ઉપરાંત ટકાવારી ફ્રેકશન જેવી બાબતોમાં પણ સમજ પડતી ન હોવાનું માલુમ પડતી ન હતી. વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાનમાં પણ સમાન હાલત હતી છ ટકા વિદ્યાર્થી પાસીંગ માર્કસ મેળવવ-ામાં પણ સક્ષમ ન હોવાનું ખુલ્યુ હતું.

વિજ્ઞાનમાં ફીઝીકસ-કેમેસ્ટ્રીની બાબતોની સમજ પડતી ન હતી. સમાજ વિજ્ઞાનમાં નકશા, આર્ટ, કલાઈમેન્ટ ચેન્જ ધરતીની માટી જેવી બાબતોમાં જ્ઞાન ન હતુ. ધો.૧૦ ના વિદ્યાર્થીઓનું પર્ફોમન્સ પણ ચિંતાજનક જણાયું હતું. ભાષામાં ૪૩ ટકા વિદ્યાર્થીઓને મુખ્ય બાબતો સમજવામાં તકલીફ હતી.

ગણિત સૌથી વધુ પડકારજનક હતું. ૫૪ ટકા વિદ્યાર્થીઓને પાયાની બાબતોનું પણ જ્ઞાન ન હતું. રોજીંદી જીવન શૈલીમાં ઉપયોગી ગણિતિક બાબતોને ઉકેલ પણ મેળવી શકતા ન હતા.પ્રકૃતિ તથા પર્યાવરણ ક્ષેત્રમાં ૫૧ ટકા વિદ્યાર્થીઓને નદી-પર્વત, પંચાયતોની કામગીરી તથા બદલાતા મોસમ સાથેનાં તહેવારોની સમજ ન હતી.

ધો.૩ માં માત્ર ૫૫ ટકા વિદ્યાર્થીઓ ૯૯ સુધીનાં આંક લખવામાં સમર્થ ન હતા ૫૮ ટકા સરવાળો-બાદબાકી કરી શકતા ન હતા. સરકારી શાળામાં અભ્યાસ કરતાં બાળકોનું પરફોર્મન્સ સૌથી ખરાબ હતું.

## ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ફોડયો બોમ્બઃ દવાઓ પર ૨૦૦% અને તાંબા પર ૫૦% ટેરિફ લાદવાની જાહેરાત



**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ ફરી એકવાર ટેરિફ બોમ્બ ફોડવાનું શરૂ કરી દીધું છે. ૯૦ દિવસની શાંતિ પછી, તે ફરીથી એક પછી એક ટેરિફ અંગે જાહેરાતો કરી રહ્યા છે જેનાથી વૈશ્વિક બજાર ડરવા લાગ્યું છે. અમેરિકામાં સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર સમાન ટેરિફ લાદ્યા પછી, રાષ્ટ્રપતિ ટ્રમ્પે તાંબા પર નવો ૫૦% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. તેમણે ચેતવણી પણ આપી હતી કે એક વર્ષ પછી અમેરિકામાં થતી ફાર્માસ્યુટિકલ્સની આયાત પર ૨૦૦% ટેરિફ લાદવામાં આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિએ તો એ પણ સ્પષ્ટ કર્યું કે, તેઓ વિશ્વભરના ડઝનબંધ અર્થતંત્રો પર એક દિવસ પહેલા જાહેર કરાયેલા ઉચ્ચ યુએસ ટેરિફને લાગુ કરવા માટે ૧ ઓગસ્ટની સમયમર્યાદા લંબાવશે નહીં.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેઓ આયાતી સેમિકન્ડક્ટર અને ફાર્માસ્યુટિકલ્સ તેમજ કોપર પર ટેરિફ જાહેર કરવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે, દવાઓ પર ટેરિફ ૨૦૦% સુધી વધી શકે છે. ટ્રમ્પે કહ્યું કે, તેઓ તાંબા પર ૫૦% ટેરિફની જાહેરાત કરશે, જેનો ઉદ્દેશ્ય યુએસમાં આ ધાતુના ઉત્પાદનને વધારવાનો છે. જે ઈલેક્ટ્રિક વાહનો, લશ્કરી હાર્ડવેર, પાવર ગ્રીડ અને ઘણી ગ્રાહક ચીજવસ્તુઓ માટે મહત્વપૂર્ણ છે.

ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે કેબિનેટની બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું કે, જો તેમને દેશમાં દવાઓ લાવવી પડશે, તો તેમની પાસેથી ખૂબ જ ઊંચી ટેરિફ વસૂલવામાં આવશે, જેમ કે ૨૦૦%. અમે તેમને તેમના કાર્યને ગોઠવવા માટે ચોક્કસ સમય આપીશું. તેમને દોઢ વર્ષનો સમય આપવામાં આવશે.'

ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે, વોશિંગ્ટન ટૂંક સમયમાં ફાર્માસ્યુટિકલ્સ પર ટેરિફની જાહેરાત કરશે પરંતુ ઉત્પાદકોને તેમના કામકાજ અમેરિકામાં શિફ્?ટ કરવા માટે સમય પણ આપશે.

ટ્રમ્પે તાંબા પર ટેરિફ જાહેર કરવાની યોજના વિશે વાત કરી, પરંતુ ટેરિફ કયારે લાગુ કરવામાં આવશે તે જણાવ્યું નહીં. તેમણે કહ્યું, મને લાગે છે કે તાંબા પર ટેરિફ ૫૦% હશે.'

અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિક એ મંગળવારે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, તાંબા પરના ટેરિફ જુલાઈના અંત અથવા ૧ ઓગસ્ટ સુધીમાં અમલમાં આવશે.

# જામનગરમાં થોડા સમય પહેલાં જ બનાવેલા રેલવે ઓવર બ્રિજમાં મોટો ગાબડું પડતાં કોંગ્રેસ દ્વારા ખાડા પૂજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ચાલુ વરસાદની સિઝનમાં રોડ રસ્તાની હાલત અત્યંત ખરાબ થઈ છે અને શહેરના નાગરિકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ત્યારે થોડા સમય પહેલાં જ નિર્માણ પામેલા આંબેડકર બ્રિજ કે જે સમર્પણ સર્કલથી દિગજામ સર્કલ તરફ જાય છે, જે બ્રિજની ઉપર જ મસ મોટું ગાબડું પડી ગયું છે અને પુલ ઉપર જ અકસ્માતનો ભય તોળાઈ રહેલો છે.આવી પરિસ્થિતિમાં આજે સવારે કોંગ્રેસના કાર્યકરો દ્વારા ઉપરોક્ત ખાડા પાસે બેસીને ફૂલના હાર ચડાવી ખાડાનું પૂજન કરવામાં આવ્યું હતું, અને નવતર પ્રકારે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. જેથી ત્યાંથી પસાર થનારા વાહન ચાલકોમાં ભારે કુતૂહલ પ્રસર્યું હતું. તંત્રની આ બાબતમાં ક્યારે આંખ ઉઘડશે અને બ્રિજની ઉપર જ આટલું મોટુ ગાબડું બુરવાની કાર્યવાહી થશે કે કેમ તેની લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

# જામનગર મહાનગરપાલિકાને ચાલુ વ્યાજમાફી યોજનામાં રૂ. ૩૬ કરોડ મળ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની વ્યાજમાફી યોજનામાં મહાનગરપાલિકાને રૂ. ૩૬ કરોડ ૧૩ લાખની આવક થઈ છે.જામનગર મહાનગરપાલિકા દ્વારા ચાલુ નાણાંકિય વર્ષમાં તા. ૧૬-૬-૨૫ થી તા. ૭-૭-૨૫ સુધી મિલકતવેરો, પાણીચાર્જ અને વ્યવસાયવેરામાં ૧૦૦% વ્યાજમાફી જાહેર કરવામાં આવી હતી.આ યોજના દરમ્યાન કુલ ૫૧૨૩ મિલકત ધારકોએ મિલકતવેરામાં ૧૦૦% વ્યાજમાફી યોજનાનો લાભ મેળવી કુલ રૂ. ૩૬.૧૩ કરોડનો મિલકતવેરો ભરપાઈ કરીને રૂ. ૯ કરોડ ૧૬ લાખની વ્યાજમાં રાહતનો લાભ મેળવેલ. આ સમયગાળા દરમ્યાન પાણીચાર્જ ૧૬૧૯ કરદાતાઓને ૧૦૦% વ્યાજમાફીનો લાભ લઈને રૂ. ૦.૭૯ કરોડ ભરપાઈ કરીને રૂ. ૦.૧૮ કરોડ વ્યાજ રાહતનો લાભ મેળવેલ છે.જી.આઈ.ડી.સી.માં કુલ ૮૮૯ ઉદ્યોગકારો દ્વારા રૂ. ૩૦.૩૯ કરોડનો વેરો ભરપાઈ કરીને રૂ. ૭.૮૯ કરોડ વ્યાજ રાહત મેળવેલ છે.

વ્યાપારવેરામાં કુલ ૬૦૫ વ્યવસાયકારોએ કુલ રૂ. ૩૧.૦૨ લાખ ભરપાઈ કરીને રૂ. ૦૧.૫૩ લાખ વ્યાજ રાહતનો લાભ મેળવેલ છે. ચાલુ નાણાકિય વર્ષમાં અત્યાર સુધીમાં ૫૭૦૯૯ નાગરિકોએ રૂ. ૭૪.૭૮ કરોડનો મિલકતવેરો ભરપાઈ કર્યો છે તેમ આસી. કમિશ્નર (ટેકસ) જીજ્ઞેશ નિર્મળની યાદીમાં જણાવાયુ છે.

# જામનગર અને ધ્રોળની બેંકના ATMમાં નાણા નહીં ભરી રૂપિયા ૩૧.૩૬ લાખની છેતરપિંડી કરનાર ખાનગી કંપનીના બે કસ્ટોડિયલ સામે પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના જુદી જુદી બેંકના એટીએમ તેમાં ધ્રોળની બેન્કના એટીએમમાં ખાનગી કંપની દ્વારા બે કસ્ટોડિયલની નિમણૂક કરીને પૈસા જમા કરાવવાની જવાબદારી સોપાઈ હતી, જે બંનેએ જુદા જુદા એટીએમમાં કુલ ૩૧ લાખ ૩૬ હજાર રૂપિયા જમા નહીં કરાવી પોતાના અંગત ઉપયોગમાં વાપર્યા હોવાથી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતા ભારે ચર્ચા જાગી છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે રાજકોટની એક ખાનગી કંપનીમાં કસ્ટોડિયલ તરીકે ફરજ બજાવતા ભાવિન ભરતભાઈ જોશી કે જે જામનગર શહેરના અલગ અલગ એટીએમ તેમજ ધ્રોળના એટીએમમાં નાણા જમા નહીં કરાવી કુલ ૩૧.૩૬ લાખની છેતરપિંડી કરવા અંગે પોતાની કંપનીના કસ્ટોડિયલ કર્મચારી પ્રકાશ નાથાભાઈ મેરીયા તેમજ કશ્યપ ભરતભાઈ અંકલેશ્વરીયા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર જામનગરની અલગ અલગ બેંકો કે જેના એટીએમમાં પૈસા જમા કરાવવા ઉપાડવા વગેરેની જવાબદારી ખાનગી કંપનીને સોંપવામાં આવી છે, અને આવી ખાનગી કંપનીના બેક કર્મચારીઓ કે જેઓને કસ્ટોડિયા તરીકે નિમણૂક અપાય છે, અને જેઓ દ્વારા પાસવર્ડ મેળવીને બેંકના એટીએમમાંથી નાણા ઉપાડવા અને જમા કરાવવાની જવાબદારી હોય છે.ઉપરોક્ત બંને આરોપીઓ પ્રકાશ કે જે જામનગર શહેરના લીમડા લઈને રણજીત સાગર રોડ પ્રાર્થના કોલોની સામે આવેલી એસ.બી.આઈ. ની કચેરી નવાગામ ઘેડ અને દરેડની બ્રાન્ચ સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયગાળા દરમિયાન રૂપિયા ૩૧.૩૬ લાખની રકમ જમા નહીં કરાવી પતાના અંગત ઉપયોગમાં વાપરી કરી હોવાથી આખરે આ મામલો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે. પોલીસે બંને આરોગ્ય સામે વિશ્વાસઘાત તેમજ છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે.

# પંચાયતનગરમાં પતિની હાજરીમાં પત્નીની હત્યા કરનાર પૂર્વ પ્રેમીને આજીવન કેદ

## પંચાયતનગરમાં વર્ષ ૨૦૨૧માં તમંચાથી ફાયરિંગ કરીને આરોપીએ ઘટનાને અંજામ આપ્યો ’તો



એસ.કે.વોરા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પંચાયતનગરમાં વર્ષ ૨૦૨૧ના પૂર્વ પ્રેમીએ ઘરમાં ઘૂસી તમંચા વડે ફાયરિંગ કરી પ્રેમિકાની તેની પતિની હાજરીમાં હત્યા નિપજાવી દેવાના કેસમાં અદાલતે આરોપી આકાશ રામાનુજ મોર્યને આજીવન કેદની સજા ફટકારી છે.

આ કેસની હકિકત મુજબ, ગત તારીખ ૨૭/૭/૨૦૨૧૦ના દિવસે પંકજભાઈ અને તેમના પત્ની સવિતાબેન પંચાયતનગર રવિ પાર્કમાં ઘરે બપોરે ભોજન કરી રહ્યા હતા. આ દરમિયાન આરોપી આકાશ અચાનક રામાનુજ મોર્ય(ઉ.વ. ૩૦, રહે. ગોરખપુર, ઉત્તરપ્રદેશ) ઘરમાં ઘૂસી આવ્યો અને સવિતા પર તમંચાથી ધડાધડ ગોળીઓ ચલાવી હતી.આ ઘટનામાં સવિતાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. યુનિવર્સિટી પોલીસે હત્યા અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. તપાસ બાદ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી કેસ ચાલવા પર આવતા, બચાવ પક્ષે દલીલ કરી હતી કે હત્યા અલગ સમયે થઈ હોઈ શકે છે અથવા સવિતાએ આત્મહત્યા કરી હોય કે પંકજભાઈએ હત્યા કરી હોય. તેમણે આરોપીને શંકાનો લાભ આપવાની માગણી કરી હતી જોકે, જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ તર્કબદ્ધ રજૂઆત કરી કે આરોપી ઘટના સમયે હાજર હતો અને તેના બચાવમાં વિરોધાભાસ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આરોપીનો હત્યા પાછળનો ઈરાદો સ્પષ્ટ છે.જ્યારે પંકજભાઈનો કોઈ ઉદ્દેશ દેખાતો નથી. બચાવ પક્ષે આરોપી વિરુદ્ધ ખોટી ફરિયાદનું કોઈ કારણ પણ રજૂ કર્યું ન હતું. બંને પક્ષકારોની વિગતવાર દલીલો બાદ સરકારી વકીલની દલીલો અને પુરાવાઓના આધારે અધિક સેશન્સ જજ એ. કે. શાહે આરોપી આકાશ રામાનુજ મોર્યને સવિતાની હત્યા માટે દોષી ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી હતી.આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે.વોરા રોકાયેલા હતા.

# ઈગલ કોમ્પ્લેક્ષમાં સોની વેપારીએ પોતાની દુકાનમાં ઝેરી ટીકડા ખાઈ કર્યો આપઘાત

## લોધીકાના રાવકી ગામે જમવા મુદ્દે ઝઘડો થતા પરિણીતાએ ઝેર પીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મવડી પ્લોટમાં રહેતા અને ભુપેન્દ્ર રોડ પર આવેલા ઈગલ કોમ્પલેક્ષમાં દૂકાન ધરાવતા સોની વેપારીએ પોતાની જ દુકાનમાં ઝેરી ટીકડા ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.

આ અંગે પોલીસમાંથી જાણવા મળતી વુગત મુજબ શહેરમાં મવડી પ્લોટમાં રહેતા અને ભુપેન્દ્ર રોડ પર આવેલા ઈગલ કોમ્પલેક્ષમાં દૂકાન ધરાવતા અશોકભાઈ મૂળજીભાઈ જગડા નામના ૫૩ વર્ષના સોની વેપારીએ પોતાની દુકાને બપોરે અઢી વાગ્યા આસપાસ ઝેરી ટીંકડા ખાઈ

મિત્રને કહ્યું કે છાતીમાં બળતરા થાય છે. હોસ્પિટલમાં લઈ જાવ જેથી તાકિદે સારવાર અર્થે સિવિક સિવિલ હોસ્પિલમાં ખસેડયા હતા. ત્યાં મિત્રને કહ્યું કે મે ઝેરી ટીંકડા ખાઈ લીધા છે. બાદ ટૂંકી સારવાર દરમ્યાન વેપારીએ હોસ્પિલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. હોસ્પિલ પોલીસ ચોકીના સ્ટાફે નોંધ કરી એ ડીવીઝન પોલીસને જાણ કરતા પીએસઆઈ વડનગરા સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃત ચાર ભાઈમાં મોટા હતા સંતાનમાં બે દિકરી અને એક પુત્ર છે કયાં કારણોસર પગલું ભર્યું તે અંગે તપાસ યથાવત રાખી છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવવામાં શહેરની ભાગોળે આવેલા લોધીકા તાલુકાના રાવકી ગામે કારખાનામાં મજૂરી કામ કરતી અનુપદેવી મનીષકુમાર રાજપુત નામની ૩૦ વર્ષની પરિણીતાને જમવા બાબતે પતિ સાથે ઝઘડો થયો હતો પતિ સાથે ઝઘડો થતાં અનુપદેવી રાજપૂતે ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પત્રકારે રિક્ષા સરખી ચલાવવાનું કહેતા ચાલકે એટ્રોસિટીની આપી ધમકી

## ફરિયાદના આધારે રિક્ષાચાલકને ઝડપી લેવા તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ કે.જી.ધોળકિયા સ્કૂલ પાછળ આવેલી પ્રજાપતિ સોસાયટીમાં રહેતા અને પત્રકારની નોકરી કરતા ઈમરાનભાઈ અનવરભાઈ હોથીએ રીક્ષા સરખી ચલાવવાનું કહેતા રીક્ષા ચાલક લાલજી રમેશભાઈ વાળાએ એટ્રોસીટીની ફરિયાદ કરવા ધમકી આપતા ફરિયાદી ઈમરાને ૧૦૦ નંબર પર કોલ કરી પોલીસ બોલાવી અને પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધીત ઈમરાને ફરિયાદમાં જણાવ્યું હતું, કે હું

ઘરે થી મારી ફરજ પર બાઈક લઈ હુ એકલો જવા નીકળેલ અને રસ્તામા મારી સાથે કામ કરતા પ્રતીપાલસિંહ ગોહીલનુ ઘર વિષ્ણુવિહાર સોસાયટી યુની રોડ. ખાતે રસ્તામાં આવતુ હોય જેથી તેની સાથે અમે બન્ને અમારી અલગ અલગ સ્કૂટર લઈ સાથે નીકળેલ તે દરમ્યાન રામેશ્વર મેઈન રોડ સ્ટર્લીંગ હોસ્પીટલની પાછળ શીવ પાર્ક પાસે પહોંચતા નાણાવટી ચોક તરફથી એક સી.એન.જી રીક્ષા વાળો ચાલક પુરપાટ ઝડપે બેફીકરાઈ થી ચલાવી આવી મારી સાઈડ તરફથી નજીક આવી અમોને જમણી સાઈડથી જોરદાર કાવો મારતા અમો પડતા પડતા રહી ગયા હતા અને રીક્ષા નુ વાછટીયુ અડી જતા આ રીક્ષાનો ચાલક કાવો મારી નાસી ગયો હતો. હું તથા મારી સાથે પ્રતિપાલસિંહ તેઓ પણ પૂછતા નાચાલક ની પાછળ જઈ શીવ પાર્ક સોસાયટી શેરી નં-૩ ના ખુણા પાસે આ રીક્ષાના ચાલક ને પોતાની રીક્ષા સરખી ચલાવવા બાબતે સમજાવતા આ રીક્ષાનો ચાલક અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને એટ્રોસીટીનો ખોટો ગુન્હો દાખલ કરાવીશ અને મારી સાથે વધુ બોલ્યા તો તમને બન્ને ને અહીં જ જાનથી મારી નાખીશ તેવી ધમકી આપવા લાગ્યા હતા.

બાદમાં પોલીસ આવી જતા આ રીક્ષાના ચાલકે પોલીસ સમક્ષ પોતાનો પરીચય લાલજી ભાઈ રમેશભાઈ વાળા (રહે.ઈંડીયન પાર્ક બ્લોક નં-૧૨ ક્વાર્ટર-૧૮૪ રૈયા રોડ) હોવાનુ જણાવતા ફરિયાદ નોંધાવી હતી.

# શીતલપાર્ક નજીક ૧૫ કરોડની જમીન પર થયેલ દબાણ પર બુલડોઝર ફેરવી દેવાયું



## પાણીના ફિલ્ટર પ્લાન્ટ, ફર્નિચરની દુકાન સહિત ૨૦થી વધુ બાંધકામ તોડી પડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં પશ્ચિમ મામલતદારે શીતલપાર્કથી રૈપાધાર તરફ જવાના રસ્તા ઉપર ૨૦ વર્ષથી ખડકાઈ ગયેલા ૨૦ જેટલા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દઈ અંદાજે ૧૫ કરોડ રૂપિયાથી વધુ કિંમતની ૩૦૦૦ ચોરસમીટર જમીન ખુલ્લી કરાવી હતી.

શહેરના ૧૫૦ ફૂટ રિંગરોડ ઉપર શીતલપાર્કથી રૈયાધાર તરફ જતા માર્ગ ઉપર રૈયાના સરકારી સર્વે નંબર ૩૧૮ની જમીન ઉપર છેલ્લા ૨૦ વર્ષથી પાણીના ફિલ્ટર પ્લાન્ટ, દુકાનો, ફર્નિચરની દુકાન સહિતના બાંધકામ ખડકાઈ ગયા હોવાથી જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશની સૂચનાઅને માર્ગદર્શન હેઠળ પશ્ચિમ મામલતદાર અજિત જોશી અને સ્ટાફ દ્વારા આશરે ૩૦૦૦ ચોરસ મીટર જમીન પર વાણિજય હેતુના દબાણો ખુલ્લા કરાવી અંદાજે ૧૫ કરોડની જમીન દબાણમુક્ત કરાવી હતી. નોંધનીય છે કે, દબાણ હટાવવાની કામગીરી દરમિયાન જેસીબી ખોટકાઈ જતા બપોર બાદ ફરીથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ મામલતદારે અહીં ૨ પાણીના ફિલ્ટર પ્લાન્ટ, ૫ દુકાન, ૫ કારખાના, એક કલરની દુકાન તેમજ બે ફર્નિચરના પુનિટ સહિત કુલ ૨૦ દબાણોનો કુડુસલો બોલાવી દીધો હતો.

# વડેખણ સુધી એસ.ટી બસ લંબાવવા ડેપો મેનેજરને રજૂઆત



## પ્રાંસલા સુધી આવતી બસને લંબાવવા માંગળી ઉઠી

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા તાલુકા ના ભાજપ આગેવાનો પિયુષ ભાઈ હુંબલ, મંયક ભાઈ ઘીંગાણી, ભરત ભાઈ લૂણસીયા, વડેખણ સરપંચ ભગા ભાઈ દ્વારા ઉપલેટા એસ. ટી. ડેપો મેનેજર ને રજૂઆત કરી છે કે ઉપલેટા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને બસ ના અભાવ ના કારણે મુશ્કેલી વેઠવી પડે છે તો જે બસ પ્રાસલા સુધી આવતી સવાર ની એસ.ટી બસ ને વડેખણ સુધી લંબાવવામાં આવે જેથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે ઉપયોગી થાય.

# લેન્ડગ્રેબિંગના ૮૦ કેસમાંથી ૮માં એફઆઈઆર નોંધવા આદેશ કરતા જિલ્લા કલેક્ટર

## ૧૭ કેસમાં સમાધાન, ૫૧ કેસ પડતા મુકાયા અને ૪ કેસ પેન્ડીંગ લેન્ડગ્રેબિંગ એક્ટમાં સુધારા બાદ અરજદારોને રૂબરૂ બોલાવી કરાયેલ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં લેન્ડગ્રેબિગ એક્ટની અમલવારી બાદ રાજકોટમાં ઐતિહાસિક કહી શકાય તેવો નિર્ણય લઈ મંગળવારે મળેલી લેન્ડગ્રેબિગ કમિટી સમક્ષ મુકાયેલા ૮૦ પૈકી ૮ કેસમાં એફઆઈઆર નોંધવા હુકમ કરાયો હતોન જેમાં ગ્રામ્ય વિસ્તારના ૬ અને સીટી વિસ્તારના ૨ કેસનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૦માં કાયદાના અમલ બાદ રાજકોટ જિલ્લામાં ગત માસ સુધીમાં ૩૫૯૩ કેસ કમિટી સમક્ષ આવ્યા હતા જેમાંથી ૧૩૯ કેસમાં જ ફરિયાદ નોંધાઈ હતી.

ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવી અથવા તેના પર કબજો કરવો, બળજબરી, છેતરપિંડી, ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરીને અથવા અન્ય ગેરકાયદેસર રીતે જમીન પર અનધિકૃત રીતે કબજો કરવાના કિસ્સામાં ભુમાફિયાઓને કાયદાનું ભાન કરાવવા ગુજરાતમાં લેન્ડ ગ્રેબિગ એક્ટ ૨૦૨૦ અમલી બનાવ્યો છે. બીજી તરફ રાજ્યમાં કાયદાના અમલ બાદ રાજકોટ જિલ્લામાં ગત માસ સુધીમાં લેન્ડગ્રેબિગ કમિટી સમક્ષ ૩૫૯૩ અરજીઓ આવી હતી જેમાંથી ૧૩૯ અરજીઓમાં લેન્ડગ્રેબિગ એક્ટ મુજબ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જો કે, રાજકોટમાં ફરિયાદોના પ્રમાણમાં કેસ પડતા મુકવાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

બીજી તરફ મંગળવારે રાજકોટના નવનિયુક્ત જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને મળેલી લેન્ડગ્રેબિગ કમિટીની બેઠકમાં ૮૦ કેસ મુકવામાં આવ્યા હતા. જેમાં નવી જોગવાઈ મુજબ અરજદારોને રૂબરૂ બોલાવી સમિતિ દ્વારા સુનાવણી હાથ ધરી હતી અને ૮૦ પૈકી ૮ કેસમાં એફઆઈઆર કરવા આદેશ કરવામાં આવ્યો હતો જેમાં ૬ કેસ રાજકોટ ગ્રામ્ય વિસ્તારના અને ૨ કેસ રાજકોટ સીટી વિસ્તારના હોવાનું સત્તાવાર રીતે જાહેર કરાયું હતું. લેન્ડગ્રેબિગ કમિટીએ ૮૦ પૈકી ૫૧ કેસ ડ્રોપ કરી ૪ કેસ પેન્ડિંગ રાખ્યા હતા સાથે જ ૧૭ કેસમાં સમાધાન થયું હોવાનું સામે આવ્યું છે.

# રાજકોટમાં દારૂ પ્રકરણમાં યુવા ભાજપનાં વોર્ડ પ્રમુખનું નામ ખુલ્યું

## ડી.એચ.કોલેજ પાસે દારૂની બોટલ સાથે બે શખ્સોને દબોચ્યાઃ પુછતાછમાં યુવા નેતા મોનિલ શાહે બોટલ મંગાવ્યાનું ખુલ્યુંઃ યુવા નેતા અગાઉ પણ વિવાદમાં હોવાની ચર્ચા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે ડીએચ કોલજના પટ પાસેથી એકટીવામાં જઈ રહેલા બે શખસોને અટકાવી વાહનની તપાસ કરતા તેમાંથી દારૂની એક બોટલ મળી આવી હતી.

આ બંને શખસોની પોલીસે અટકાયત કરી તેની પૂછતાછ કરતા યુવા ભાજપના વોર્ડ નંબર ૧૦ના પ્રમુખ મોનિલ શાહનું નામ ખુલ્યું હતું. જેથી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. જાણવા મળતી વિગતો મુજબ, એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન મળેલી બાતમીના આધારે હેમુ ગઢવી હોલની સામે ડી.એચ.કોલેજના ગેટ પાસે રાત્રિના એકટીવામાં પસાર થઈ રહેલા બે શખસોને પોલીસે અટકાવ્યા હતા.

ત્યારબાદ વાહનમાં તપાસ કરતા દારૂની એક બોટલ મળી આવી હતી.જેથી પોલીસે એક્ટિવામાં સવાર આ બંને શખસ ઋષભ કલ્પેશભાઈ દેસાઈ (ઉ.વ ૨૫ રહે. ફ્લેટ નંબર ૨૦૧ સદગુરુ કોલોની એ.જી. ચોક) અને શુભમ પ્રદીપભાઈ થાનકી (ઉ.વ ૨૩ રહે. ગોંડલ રોડ જકાતનાકા શેરી નંબર ૨, રાજકોટ) હોવાનું માલુમ પડયું હતું પોલીસે આ બંને શખસો પાસેથી દારૂની બોટલ કબજે કરી બંને વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ મામલે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી.બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ એસ.એમ.રાણા તથા ટીમ તપાસ હાથ ધરી છે.દારૂ સાથે ઝડપાયેલા આ બંને શખસોની પૂછતાછ કરતા દારૂ પ્રકરણમાં ભાજપના વોર્ડ નંબર ૧૦ ના પ્રમુખ મૌનીલ શાહનું નામ સામે આવ્યું હતું. મોનિલ શાહે આ બંને પાસેથી દારૂની બોટલ મંગાવી હોવાનું ખુલતા પોલીસે મોનિલ શાહ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરી હતી. બીજી તરફ ચર્ચાથી વિગતો મુજબ દારૂ પ્રકરણમાં જેનું નામ સામે આવ્યું છે તે વોર્ડ નંબર ૧૦ના ભાજપના પ્રમુખ મોનીલ શાહ અગાઉ પણ આ પ્રકારની ભલામણો કરતો હોવાની વાત સામે આવી રહી છે.

# આપાગીગાના ઓટલે કાલે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

## જીવરાજબાપુ ગુરૂ શામજીબાપુનું વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પૂજનઃ સવારની આરતી, બપોરે વિશીષ્ટ મહાપ્રસાદ દરેક સંતો તેમજ દરેક સેવકો માટે ભોજન મહાપ્રસાદ(ભંડારો)ની વ્યવસ્થા : ગુરૂપૂર્ણીમાનો લાભ લેવા માટે નરેન્દ્રબાપુનું જાહેર નિમંત્રણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં છેલ્લા એક દસકાથી પણ વધારે સમગ્ર સમાજના લોકો માટે ખુબ જ દર્શનીય સંસ્થાનોમાં અતિ સુપ્રસિધ્ધ બનેલા શ્રી આપાગીગાના ઓટલો, મોલડી ગામના વળાંક પાસે, ચોટીલા-રાજકોટ હાઈવે ખાતે તા. ૧૦-૦૭-૨૦૨૫ ગુરૂવારના રોજ દર વર્ષની માફક આ વર્ષે પણ પરંપરાઓ મુજબ ખુબજ ધામધુમ પૂર્વક દિવ્યાતિ દિવ્ય અને ભવ્યાતિ ભવ્ય રીતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ આવતીકાલે સવારે ૧૧ કલાકે ઉજવવામાં આવશે. જેમાં પરમ પૂજનીય સદ્ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુ તેમજ પરમ પૂજનીય શ્રી શામજીબાપુ ગુરૂશ્રી લક્ષ્મણબાપુની પ્રતિમાઓનું વિદ્વાન બ્રહ્મદેવો દ્વારા તેમજ દરેક સાધુ સંતો તેમજ સેવકોને પણ વિદ્વાન બ્રહ્મદેવો દ્વારા અલગ અલગ રીતે પૂજન કરાવવામાં આવશે તો દરેક સેવકશ્રીઓએ આ ગુરૂપૂર્ણીમાનો અવસરનો લાભ લેવા માટે હદયપૂર્વકનું ભાવભર્યુ નિમંત્રણ આપવામાં આવે છે. સમગ્ર દેશની અંદર ખુબજ આદર સહીતનું ધામ એટલે કે સતાધારધામ અને સતાધારધામના સંત બ્રહ્મલીન પરમ પૂજય સદ્ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના અનન્ય પ્રિતિપાત્ર તેમજ અનન્ય શિષ્ય એવા શ્રી આપાગીગાના ઓટલાના મહંતશ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઈ સોલંકી) દ્વારા જણાવવામાં આવે છે કે પહેલાના જમાનામાં ગ્રામ્ય વિસ્તારની અંદર ગામની અંદર રહી અને રામમંદિર તેમજ શિવમંદિરનું ગામમાં રહેતા સિતારામ સાધુઓ તેમજ ગીરી-પરી-ભારથી જેવા સાધુ સંતો દ્વારા મંદિરોની અંદર પૂજન કરવામાં આવતુ હતુ અને ગુરૂપૂર્ણિમાના દિવસે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં પોતાના બાળકોને કંઠી ગુરૂ તેમજ કાનગુરૂ તરીકેની પરંપરાઓ અનુસાર માળાઓ પહેરાવી અને ગુરૂમંત્રો આપવામાં આવતા હતા. જેના હિસાબે સમગ્ર ગુરૂજનોનુ સમગ્ર સમાજની અંદર ખુબજ માન તેમજ સનમાન જાળવવામાં આવતુ હતુ. હાલની અંદર આવા પ્રસંગો ખુબજ ઓછા બનતા હોય છે અને જુની કહેવતો પણ હતી કે ગુરૂબીના જ્ઞાન મળી શકે નહી. જેના હિસાબે ગુરૂ વગરના માણસ સાથે લોકોના વ્યવહારો પણ અલગ પ્રકારના થઈ જતા હતા.

ગુરૂપૂર્ણીમાનું પાવનપર્વ જયારે નજીક આવી રહયુ છે ત્યારે પરમ પૂજય શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના સમગ્ર શિષ્ય સમુદાય તેમજ સેવકો અને ભાવીકોજનોમાં ખુબજ હરખની હેલી હોય છે. કારણ કે સમગ્ર વર્ષ દરમ્યાન લોકો ગુરૂપૂર્ણીમાની ખુબજ આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે ત્યારે આ સમગ્ર સૃષ્ટી માનવતાનું મનોહર મંદિર તો છે જ ત્યારે પ્રત્યેક માનવ આ મંગલ મંદિરનો યાત્રીક પણ છે. પરમપીતા પરમાત્મા તેમજ માં ભગવતી દ્વારા પ્રેરણાનો સ્ત્રોત્ર આપવામાં આવે છે. ભકિતથી પ્રીતનું શુભત્વ જાગે છે, સત્સંગથી માનવ જીવનયાત્રા સરળ બને છે. સત એટલે બ્રહ્મ, બ્રહ્મનો સંગ એટલે જ સત્સંગ. સત્સંગમાં જો સંત સંગ ભળે તો જીવન ખુબજ ધન્ય બની શકે છે. શ્રી આપાગીગાના ઓટલે ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે સંતો-મહંતોની હાજરીમાં ભકિત/ભોજન તેમજ ભકિતની શકિતનો ત્રિવેણી સંગમ યોગ થશે. ગુરૂપૂર્ણિમા ચાર વેદોના રચયીતા પરમ પૂજયનીય વ્યાસજીનો જન્મદિન હોવાથી વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. અષાઢ સુદ પૂનમ તા. ૧૦ ગુરૂવારે શ્રી આપાગીગાના ઓટલે સવારે ૧૧-૧૫ (સવા અગીયાર) કલાકે આવેલ સંતો-મહંતો તેમજ ભકતજનોની હાજરીમાં પરમ પૂજય સદ્ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુની પ્રતિમાનું સમગ્ર સાધુ સંતો, તેમજ ભકતો દ્વારા પૂજન કરી આરતી કરવામાં આવશે.

# ગંભીર અપરાધના કેસમાં પોલીસ અધિકારીઓ માટે પ્રોટોકોલ નિશ્ચિત કરાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં નવા ભારત અપરાધ સંહિતાના કાનૂન હેઠળ એફઆઈઆર અને અપરાધ સબંધી તપાસમાં એક નવી કામકામની પ્રક્રિયાનો પણ સમાવેશ કરાયો છે અને તેમાં પોલીસ અધિકારીઓ માટે પ્રોટોકોલ પણ નિશ્ચિત કરાયો છે અને તેમાં પોલીસનો મુખ્ય ઉદેશ પીડીતને સહાય કરવા અને તેને ન્યાય અપાવવામાં સહયોગ કરવાનો હોવો જોઈએ તે નિશ્ચિત કરાયું છે. ખાસ કરીને કોઈપણ ગંભીર અપરાધ સમયે પણ ભોગ બનનારને પણ એક યા બીજા પોલીસ સ્ટેશન ચકકર કાપવા પડે છે. અને એફઆઈઆર કયા નોંધાવવી તે અંગે પણ પોલીસ તેને હદ બતાવે છે તે હવે કરી શકશે નહીં જો કે અત્યારે પણ કાનૂનમાં જોગવાઈ છે કે કોઈપણ પોલીસ સ્ટેશનમાં જીરો નંબરથી એફઆઈઆર નોંધીને બાદમાં જેતે પોલીસ ક્ષેત્રના અધિકાર હેઠળ આવતું હોય ત્યાં તે ફરીયાદ ટ્રાન્સફર કરી દેવાની હોય છે. પરંતુ અવારનવાર એ જોવા મળ્યું છે કે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ આ અપરાધ અમારી હદમાં બન્યો નથી તેવું કહીને પીડીતને પરેશાન થાય તેવું કરે છે અથવા ત્યાં સુધીમાં અપરાધીઓને નાસી છુટવાની વગેરેની તક મળી જાય છે તે હવે કરી શકાશે નહીં.

# નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર કરાઈ રહેલું માર્ગ સમારકામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકાસની ધોરી નસ સમાન અને રોજિંદા યાતાયાત માટે અતિ મહત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરાય તેવા દિશાનિર્દેશો આપ્યા છે. જેને પગલે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (N.H.A.I.) દ્વારા રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર બામણબોરથી આશરે સાત કિલોમીટર દૂર આવેલા ઓવરબ્રિજ પર મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ કામગીરીનો હેતુ લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો, વાહનવ્યવહારને સુચારુ અને અવરોધમુક્ત રાખવાનો તથા ભવિષ્યમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવાનો છે.

# ગુજરાત ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ એકટ અન્વયે વેબસાઈટ પોર્ટલ પર બાકી રહેલ હોસ્પિટલ/ ક્લિનિકને અરજી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત ક્લિનીકલ એસ્ટાબ્લીશમેન્ટસ એક્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) - ૨૦૨૧ અન્વયે તમામ હોસ્પિટલો, ક્લિનિકો, લેબોરેટરીઓ સહિતની તબીબી કામગીરી કરતા સેન્ટરોને આ એક્ટ હેઠળ નોંધણી કરાવવી ફરજીયાત છે. આ એક્ટ હેઠળ તમામ સંસ્થાએ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન મેળવ્યા બાદ કાયમી રજીસ્ટ્રેશન મેળવવાનું ફરજીયાત હોઈ હાલ તમામ સેન્ટરોએ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન મેળવી લેવાનું રહેશે. જે સેન્ટરોએ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન તા.૧૨/૦૯/૨૫ સુધીમાં મેળવેલ નહિ હોય તેઓની સામે કાયદાનુંસાર કાર્યવાહી કરવામાં આવશે. જેથી તમામ સંસ્થાઓએ આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. તમામ તબીબી પ્રેક્ટીસ કરતા સેન્ટરોએ આ એક્ટ હેઠળ નોંધણી કરાવવા https://clinicalestablishment.gipl.in વેબસાઈટ પર ઓનલાઇન અરજી કરવાની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે. રજીસ્ટ્રેશન માટે જરૂરી આધાર પુરાવામાં અરજદારનું આધાર કાર્ડ, સેન્ટરના માલિકીના આધાર પુરાવા આપવાના રહેશે. જેમાં પાનકાર્ડ સાથે સેલ્ફ ડીકલેરેશન/પાર્ટનરશીપ ડીડ/ટ્રસ્ટ ડીડ/કંપનીનું એમ.ઓ.યુ./સરકારી કચેરી હોય તો નિમણુક ઓર્ડર, સેન્ટરની જગ્યાને લગત વેરા પહોંચ/ લાઈટ બીલ, ફાયર સેફ્ટીને લગત અને બાયોવેસ્ટીને લગત આધાર પુરાવા, સેન્ટરના ફોટા, આપવાના રહેશે. ઉપરાંત, એકસરખા નામવાળા એટેચ કરેલ ડોકયુમેન્ટ હોવા જોઈએ. અરજીમાં સાચી વિગતો ભરવી તેમજ દર્શાવેલ ડોકયુમેન્ટ પણ એટેચ કરવાના રહેશે. તેમ રાજ કોટ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કલેકટરના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

## જિલ્લામાં ક્યાય ડ્રગ્સનું દૂષણ જોવા મળે તો કડક અને સખત કાર્યવાહી કરવા સુચના આપતા કલેકટર ઓમ પ્રકાશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. આ તકે કલેકટરએ વિવિધ વિભાગ દ્વારા ડ્રગ્સ વિરોધી કરેલી કામગીરીની સમીક્ષા હાથ ધરી ડ્રગ્સ, નશીલી દવાઓ તેમજ શાળા-કોલેજ આસપાસ તમાકુનું વેચાણકર્તા વેપારીઓ પર સખ્ત કામગીરી કરવા સૂચના આપી જિલ્લામાં ક્યાંય ડ્રગ્સનું દૂષણ જોવા મળે તો કડક અને સખત કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

કલેકટરએ જે લોકો આ દુષણનો શિકાર બન્યા હોય તેઓ માટે વ્યસનમુક્તિકેન્દ્રનો ખાસ પ્રચાર પ્રસાર કરવા પણ સૂચના આપી હતી. અધિકારીઓને ડ્રગ્સ વિરોધી કામગીરી, જેમાં ડ્રગ્સના દૂષણને નાથવા યુવાનોમાં જાગૃતિ કેળવવા શાળા-કોલેજોમાં કેમ્પ યોજવા પર ખાસ ભાર મુક્યો હતો. ડ્રગ્સના દૂષણને સમાજમાંથી નાબૂદ કરવા સરકાર પણ ખાસ ભાર મુકી રહી છે, ત્યારે લોકોમાં તેમજ યુવાનોમાં જનજાગૃતિ ઝુંબેશનું પ્રમાણ વધારવા તેમણે જણાવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં ક્યાય ગાંજા તેમજ અફીણનું વાવેતર જોવા મળે કે મેડિકલ સ્ટોરમાં પ્રિસ્કિપ્શન વિના નશીલા સીરપના વેચાણ પર સઘન નિરીક્ષણ રાખી પરિણામલક્ષી કામગીરી કરવા તેમણે સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, પ્રાંત અધિકારીઓ વગેરે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'આપ'ના પ્રમુખે મનપાના વિજિલન્સ અધિકારીને ભાજપનો ખેસ પહેરાવતા મામલો બિચકયો



તસવીર : આનંદ જાવીયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા શહેરના રસ્તામાં પડેલા ખાડાઓ મુદ્દે આવેદન અપાયું હતું. પરંતુ કોર્પોરેશનના સત્તાધીશો સધુ આપના કાર્યકરો પહોંચે તે પહેલા જ આપના પ્રમુખ દિનેશ જોશીએ વિજિલન્સ અધિકારીને ભાજપનો ખેસ પહેરાવતા મામલો ગરમાયો હતો. 'આપ'ના હોદ્દેદારોએ ભાજપ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં પોલીસ તંત્ર દ્વારા તમામની અટકાયત કરવામાં આવી હતી. 'આપ'ના કાર્યકર્તાઓને મેયર અને મ્યુ.કમિશનર સુધી પહોંચવા દેવામાં આવ્યા ન હતા.

# નાનામવા સર્કલ પાસે બાંધકામ સાઈટની ઓફિસમાંથી ૬૫ હજારના લેપટોપની ચોરી

## અજાણ્યા ગઠિયાઓને ઝડપી લેવા પોલીસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા સર્કલ પાસે આવેલ મેલેનિયમની બાજુમાં પ્રભુ ગ્રૂપની સાઈટ ઓફીસના તાળા તોડી રૂ.૬૫ હજારનું લેપટોપ કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. વધુ વિગતો મુજબ,૧૫૦ ફુટ રીંગ રોડ આસ્થા રેસીડેન્સીમાં રહેતા

વિશ્વજીતસિંહ સંજયસિંહ ખેરડીયા એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મીલીનેયમ કોમ્પ્લેક્ષની બાજુમાં ૧૫૦ ફુટ રીંગ રોડ નાના મવા સર્કલ પાસે આવેલ પ્રભુ ગૃપમાં પ્રોજેક્ટર મેનેજર તરીકે ફરજ બજાવુ છુ અને આ કંપનિ તરફથી મને એક લેપટોપ રૂ.૬૫,૬૯૦ની કિંમતનુ લેપટોપ મને મારા વપરાશ માટે આપેલ છે જેનો ઉપયોગ હું મારા પ્રોજેક્ટ બનાવવા માટે કરૂ છું. ગઈ તા.૦૫/૦૭ના રોજ રાત્રીના આઠેક વાગ્યે આ પ્રભુ કૃપા કંપનીની સાઈટ પર મીલીનેયમ કોમ્પ્લેક્ષની બાજુમાં કન્ટેનરમાં બનાવેલ સાઈટ ઓફીસ પર રોજીંદા કામ પુરા કરી આ મારી પ્રભુ ગૃપ કંપનીએ આપેલ લેપટોપ ઓફીસમાં મૂકી ઓફીસ બંધ કરી હતી.ત્યારબાદ તા.૦૬/૦૭ના રોજ સવારના આસપાસ હું મારા ઘરે હતો ત્યારે મને અમારા સાઈડ સુપરવાઈઝર હરેશભાઈ સાવલીયાનો ફોન આવેલ અને તેમણે ઓફીસમાં ચોરી થયાનું જણાવ્યું હતું અને ઓફીસમાં તપાસ કરતા ત્યાં ભાંગતોડ કરી અને બાદમાં ત્યાં રાખેલું ૬૫ હજારનું લેપટોપ કોઈએ ચોરી કર્યાનું જાણવા મળતા રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોઢ વણિક મહાજન રાજકોટ દ્વારા પર્યાવરણ જતન, આરોગ્યના રખોપા અને સેવાનું સન્માનનો ત્રિવેણી સંગમ સંપન્ન




યુ.વી.એમ.સી. પાર્ટીલોન્સ ખાતે વૃક્ષારોપણ કરાયું; જ્ઞાતિજનોનાં આરોગ્ય ખર્ચ માં રાહત આપવા નામાંકિત મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે એમ.ઑ.યુ.; નિ;સ્વાર્થ ભાવે સેવા આપતા અદના કાર્યકારોને સન્માનિત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમાજને શું આપી શકાય જેનાથી ભાવિપેઢીને પણ સતત પ્રેરણા મળતી રહે તેવા ઉમદા વીચાર સાથે સતત કાર્યોની સુવાસ ફેલાવી રહેલી સંસ્થા મોઢવણિક મહાજન રાજકોટ દ્વારા તાજેતર માં પર્યાવરણ નું જતન, જ્ઞાતિજનોનાં આરોગ્ય નાં રખોપા અને ની;સ્વાર્થ ભાવે સેવા કરતાં અદના કાર્યકર્તાઓને સન્માનિત કરવાનો ત્રિવિધ કાર્યક્રમ રંગે ચંગે સંપન્ન થયો હતો, શહેર નાં ન્યારી ડેમ રોડ સ્થિત મોઢવણિક મહાજન રાજકોટ સંચાલિત યુ.વી.એમ.સી. પાર્ટીલોન્સ ખાતે જ્ઞાતિજનોની વિશેષ ઉપસ્થિતિ માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ વૃક્ષોમાં ઉછેરનો પણ સંકલ્પ લેવામાં આવ્યો હતો.

રાજકોટ શહેરની ૧૨૫ વર્ષથી પણ જૂની મહાજન સંસ્થા મોઢવણિક મહાજન-રાજકોટ દ્વારા સેવાનો એવો મજબૂત સેતુ રચવા માં આવી રહ્યો છે. જે માત્ર વર્તમાન માં ઉપયોગી નિવડવા પૂરતું સીમિત ન રહે પરંતુ આવનારી પેઢી અને સમગ્ર સમાજને દાયકાઓ બાદ પણ સતત ઉપયોગી થતી રહે તેવા ઉમદા આશય સાથે કાર્ય કરવામાં આવી રહ્યું છે.

મોઢવણિક મહાજન દ્વારા શહેર નાં યુ.વી.એમ.સી. પાર્ટીલોન્સ ખાતે ચોમાસા ની ઋતુ દરમ્યાન વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું જેથી ખૂબ ઝડપ થી ઉછરી જાય છે. વૃક્ષારોપણ ની સાથે તેનાં ઉછેરનો પણ સંકલ્પ લેવાયો જેથી એક સેવાકીય કાર્ય ભવિષ્ય નું પણ નિર્માણ કરે, આ ઉપરાંત હાલ આરોગ્યલક્ષી સેવાઓ સતત મોંઘી બની રહી છે. માટે સારવાર ખર્ચમાં જ્ઞાતિજનો ને થોડી રાહત મળી રહે તેવા ઉમદા હેતુ સાથે ''નિરામય નિદાન સહાય યોજના'' અંતર્ગત રાજકોટ શહેરની નામાંકિત મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલો જેવી કે ગિરિરાજ હોસ્પિટલ, સ્ટરલિંગ હોસ્પિટલ અને બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, સાથે એમ.ઑ.યુ. કરી જોડાણ કરવામાં આવ્યું હતું. જ્યારે વોકહાર્ટ હોસ્પિટલ, સીનરજી, પ્લેક્સસ સહિતની હોસ્પિટલ સાથે જોડાણ પ્રક્રિયા ચાલુ છે, સાથોસાથ પોતાની જાતને ઘસીને પણ સેવાને વધુ ચમકતી રાખવાની ભાવના ધરાવતા અને ની;સ્વાર્થભાવે સંસ્થાનાં તમામ કાર્યક્રમો માં સમય નું દાન પ્રદાન કરતાં સંસ્થા ના હાથ-પગ અને હૈયા સમાન ૩૦ થી વધુ કાર્યકર્તાઓનું સમાજ શ્રેષ્ઠીઓ નાં હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત ''ત્રિવેણી સંગમ'' કાર્યક્રમ માં મોઢવણિક જ્ઞાતિ શ્રેષ્ઠીઓ સર્વ પંકજભાઈ રાઠોડ, સુનિલભાઈ બખાઈ, જીરેનભાઈ છાપીયા, કિશોરભાઇ ભાડલીયા, સાવનભાઈ ભાડલીયા, રમેશભાઈ જીવાણી, કિશોરભાઇ જીવાણી, કિરીટભાઈ જીવાણી, અરવિંદભાઈ શાહ, શૈલેશભાઈ શાહ, બિમલભાઈ કલ્યાણી, ઘનશ્યામભાઈ ભાડલિયા, રાજુભાઈ ભાડલિયા, ભુનેશ કલ્યાણી, ચંદ્રેશભાઈ વોરા, અતુલભાઈ વોરા, નીતિનભાઈ મણિયાર, રીપલબેન છાપીયા, હર્ષાબેન પારેખ, ડૉ. કમલેશભાઇ પારેખ, જીગ્નેશ મેસ્વાણી, અંજલિ વોરા, અંજના વડોદરિયા, મિતાબેન વોરા, વેજલ્સ વોરા, મીતાબેન મણિયાર, અમીબેન ભાડલીયા, અરુણભાઈ ચોક્સી, મનોજભાઇ કલ્યાણી, કેતનભાઈ બોઘાણી, શ્રેયાંસભાઈ મહેતા, પ્રશાંતભાઈ ગાંગડિયા, સુકેતુભાઈ વજરીયા, રાજેશભાઈ મહેતા સહિતનાઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમ ની શરૂઆત માં સ્વાગત પ્રવચન તથા વિવિધ પ્રકલ્પો ની માહિ-તી પ્રમુખ ભાગ્યેશ વોરા એ આપી હતી જ્યારે આભાર વિધિ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કિરેન છાપિયા એ કરી હતી.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સહમંત્રી શ્રી કેતન પારેખે કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ ને શ્રી મોઢવણિક મહાજન-રાજકોટ નાં પ્રમુખ ભાગ્યેશ વોરા અને મેનેજીંગ ટ્રસ્ટી કીરેન છાપીયા ની રાહબરી માં ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા, સહમંત્રી કેતન પારેખ, ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટીઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ, ધર્મેશ વોરા એ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી તેમ અંત માં મોઢવણિક મહાજન રાજકોટ નાં મેનેજર સુરેશ રાજપુરોહિત ની યાદીમાં જણાવે છે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં માર્ગ મરામતની કામગીરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચોમાસા દરમિયાન જ્યાં-જ્યાં મુખ્ય અને અન્ય માર્ગોને નુકસાન થયું છે, ત્યાં યુદ્ધના ધોરણે રોડ રીપેરીંગની કામગીરી હાથ ધરીને સ્થિતિ પૂર્વવત કરવા આદેશ કર્યો છે. જેના પગલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રહીશોને અને વાહનચાલકોને અવરજવરમાં થતી મુશ્કેલીને ગંભીરતાથી લઈ તાત્કાલિક ધોરણે રસ્તાના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તાર ખાતે વોર્ડ નંબર ૧૬માં વરસાદને કારણે પડેલા ખાડાઓની મરામતની કામગીરી કરવામાં આવી હતી. જેના પરિણામે રસ્તાઓ ફરીથી સમથળ બન્યા છે. આમ, રાજકોટ મહાનગરપાલિકા નાગરિકોને સુવિધાયુક્ત અને સલામત માળખાકીય સુવિધાઓ પાડવા સતત કાર્યરત છે.

# મારુતિનગર ક્વાર્ટરમાં પૈસાની લેતી-દેતીમાં યુવકનું બાઈક એક શખ્સે પડાવી લીધું

## ૨૦ હજારની ઉઘરાણીમાં છરી બતાવી મહિલાને ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ બી.આર.ડાંગર કોલેજ પાસે મારુતિનગર ક્વાર્ટરમાં રહેતા શારદાબેન રશીકભાઈ પરમાર(ઉ.વ.૨૨) પોતાના ઘરે હતા ત્યારે પરા પીપળીયામાં રહેતા સતીશ જડુ એ પૈસાની લેતી દેતી મામલે ઝઘડો કરી ફરિયાદીનું સ્કૂટર બળજ બરીથી લઈ જતા પરાપીપળીયા ગામના સતિષભાઈ જડુ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

શારદાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૬/૦૭ના રોજ રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામા હુ મારા ઘરે હાજર હતી તથા પતિ બહાર ગયેલા હતા. ત્યારે અમારા ઘર પાસે સતીષભાઈ જળુ આવેલ અને મને કહેલ કે રસીક ક્યા છે, જેથી મે કહેલ કે મારા પતિ કામે ગયેલા છે.જેથી આ સતીષભાઈએ મને કહેલ કે મારે રસિક પાસેથી રૂ. ૨૦,૦૦૦/-લેવાના છે તેનો ફોન લાગતો ન હોય, જેથી હુ આ સ્કૂટર લેતો જાવ છુ

જેથી મે કહેલ કે આ મોટર સાયકલ મારા નામનુ છે તમે ન લઈ જાતા તો તેઓએ એકદમ ઉશ્કેરાઈ ગયો અને મારી સાથે બોલાચાલી કરવા લાગેલા અને મે મારા પતિને તાત્કાલીક ફોન કરેલો જેથી આ સતીષભાઈ ગાળો બોલતા હોય, તેમજ જ્ઞાતી વિશે ખરાબ શબ્દો બોલવા લાગ્યા હતા તે અરસામા મારા પતિ આવી ગયેલા અને તેઓએ સતીષભાઈને જણાવેલ કે હુ તમારા પૈસા આપી દઈશ તેમ જણાવતા આ સતીષભાઈ મારા પતિને ગાળો બોલવા લાગેલા અને આ સતીષભાઈના હાથમા છરી હતી.

જે મને દેખાડી મારા પતીને કહેલ કે જાનથી મારી નાખીશ.તેમ કહેલ અને ત્યા મા ણસો ભેગા થવા લાગતા આ સતીષભાઈ સ્કૂટર બળજબરીથી લઈને જતા રહેલા હતા.આ મામલે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# પૈસાની ઉઘરાણીમાં રીક્ષા ચાલકને બે શખ્સે માર માર્યો

## ફાયનાન્સની ઓફિસ ધરાવતા બંને શખ્સે ફડાકા ઝીંક્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવાર રોડ પર કણકોટના પાટીયા પાસે રીક્ષા લઈ ઊભેલા યુવાનને પૈસાની લેતી દેતી મામલે ઝઘડો કરી બેતિતિત કરી ફડાકા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ મામલે તાલુકા પોલીસે ગુનો નોંધી બંનેને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

આ અંગેની વિગતો મુજબ, કણકોટના પાટીયા મફતિયા પારામાં રહેતા કિશોરભાઈ પુંજાભાઈ પારઘીએ ફરિયાદમાં યાજ્ઞિક રોડ પર ઈમ્પિરિયલ હોટલની સામે ખોડીયાર ફાઈનાન્સ નામે ઓફિસ ધરાવતા મિત્તરાજસિંહ શૈલેન્દ્રસિંહ ગોહિલ અને મહિપાલસિંહ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી છે.કિશોરભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રીક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ફરિયાદી એ આરોપી મિતરાજસિંહ પાસેથી રૂપિયા ૧૦ હજાર લીધા હતા આ પૈસા આપી દીધા છતાં આરોપીએ ફોનમાં અને રૂબરૂ ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી તેમજ કિશોરભાઈને ફડાકા ઝીંકી ગાળો આપતા આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટમાં વોર્ડ-૧૭માં વરસાદી પડેલા નાના-મોટા ૨૪ ખાડા ૨૪ કલાકમાં જ બૂરી દેવાયા






## ખાડામાં બ્લોક્સ નાંખીને રોડ મજબૂત બનાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરના વિવિધ વિસ્તારોમાં વરસાદથી પડેલા ખાડા સહિત માર્ગ મરામતની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જે અંતર્ગત વોર્ડ-૧૭માં વરસાદના પગલે પડેલા નાના-મોટા ૨૪ ખાડા ૨૪ કલાકમાં જ બુરી દેવામાં આવ્યા હતા. રાજકોટ મહાનગર પાલિકાના જણાવ્યા પ્રમાણે, વોર્ડ-૧૭માં વરસાદમાં ૨૪ જેટલા ખાડાઓ ધ્યાનમાં આવ્યા હતા. જેને પગલે ટીમો તત્કાલ દોડાવાઈ હતી અને આ ખાડાઓ સત્વરે બૂરી દઈને રોડ સમથળ કરી દેવામાં આવ્યા છે. જરૂર પડી ત્યાં ખાડાઓમાં સિમેન્ટના બ્લોક્સ નાંખીને ખાડાનું મજબૂત પુરાણ કરીને રોડ સમથળ કરાયા છે.

# લોધિકાના જશવંતપુરમાં ૧૧ કરોડની કિંમતની આઠ હજાર ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

## સરકારી જમીન પર થયેલા દબાણોને પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકા તાલુકાના જશવંતપુર ગામમાં આશરે ૮૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન પર થયેલા દબાણો લોધિકા મામલતદાર અને ટીમ દ્વારા દૂર કરાવવામાં આવ્યા છે અને આશરે રૂપિયા ૧૧ કરોડની કિંમતની જમીન દબાણમુક્ત કરાવવામાં આવી છે. પોલીસ બંદોબસ્ત સાથે રાખીને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્વક રીતે પૂર્ણ કરવામાં આવી છે.

લોધિકા મામલતદાર કે.જી.ચુડાસમાની યાદીમાં જણાવાયું છે કે, જશવંતપુર ગામમાં રાજકોટ જવાના માર્ગ પર ડાબી બાજુ સરકારી ખરાબાની રેવન્યૂ સર્વે નં. ૧૪૮ની આશરે ૮૦૦૦ ચોરસ મીટર જમીન પર અનધિકૃત દબાણ થઈ ગયા હતા. આથી નિયમ મુજબ પેશકદમીનો કેસ ચલાવીને જમીન ખુલ્લી કરાવવા હુકમ કરવામાં આવ્યો હતો. છતાં દબાણકારો દ્વારા દબાણ દૂર ન કરાતાં નોટિસ અપાઈ હતી. એ પછી આખરી નોટિસ બાદ, આજરોજ પોલીસ બંદોબસ્ત સાથે રાખીને દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આશરે રૂ. ૧૧ કરોડની જમીન દબાણમુક્ત કરવાની પ્રક્રિયા શાંતિપૂર્વક રીતે થઈ હોવાનું યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં વેપારીના મકાનમાંથી ૧૮.૯૫ લાખની ચોરી કરનાર તસ્કર સુરેન્દ્રનગરથી ઝડપાયો

## અગાઉ સાત ગુનામાં પોલીસના ચોપડે ચડી ચૂકેલા દૂધરેજના શખ્સ પાસેથી એક લાખનો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાંથી રૂ.૧૮.૯૫ લાખની ચોરી કરનારને સુરેન્દ્રનગરમાંથી ઝડપી લેવાયો હતો. આ આરોપી સામે - સુરેન્દ્રનગરમાં પણ અગાઉ ૭ગુના નોંધાયેલા હોવાનું ખૂલ્યું હતું. - વઢવાણથી પકડાયેલ આરોપી. - પાસેથી ૧ લાખનો મુદ્દામાલ કબ્જે - કરાયો હતો.

રાજકોટ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનની - રૂ.૧૮,૯૫,૪૦૦ના મુદામાલની ચોરીના ગુનામા સંડોવાયેલ ૧ - ઈસમને એલસીબી દ્વારા વઢવાણ ખાતેથી ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડવામા આવ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લા નાયબ પોલીસ મહાનિરિક્ષક દ્વારા ઘરફોડ ચોરી તથા વાહન ચોરીના ગુનામાં - અવાર નવાર સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક પકડી લેવા સૂચના અપાતા એલસીબી પીઆઈ જે.જે. જાડેજા અને પીએસઆઈ જે.વાય. પઠાણ તથા પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ આર.એચ. ઝાલા દ્વારા ટીમો બનાવી કાર્યવાહી શરૂ કરાઈ હતી.જેમા એલસીબી તથા પેરોલ ફર્લો સ્કોડ સ્ટાફને મળેલ બાતમીના આધારે રાજકોટ શહેર બી ડિવિઝનમાં થયેલ ચોરીના આરોપીને પકડવા માટે રાકેશભાઈ પેથાભાઈ જેઓ સુરેન્દ્રનગરમા દૂધરેજના વહાણવટી નગરમાં રહે છે તેમની શોધખોળ શરૂ કરી હતી.

વઢવાણથી આ આરોપીને ચોરીના મુદ્દામાલ પૈકી રોકડ ૧ લાખ સાથે પકડી લીધા હતા. આ આરોપી રાકેશભાઈ પેથાભાઈ સરવૈયા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેની સામે સુરેન્દ્રનગરમાં પણ અગાઉ ૭ગુના નોંધાયેલા હોવાનું ખૂલતા પોલીસે તેને ઝડપી વઢવાણ પોલીસ સ્ટેશને સોંપીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તેમજ આરોપીને રાજકોટમા ભગવતીપરામા લાકડાના વેપારીને ત્યાં ચોરી કરી હતી આ મામલે બી ડીવીઝનમા ફરીયાદ થઈ હતી હવે આરોપીને રાજકોટનાં બી ડીવીઝન પોલીસને સોપવામા આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પાડોશી પર ઘાતક હુમલો કરવાના ગુન્હામાં બે આરોપીઓના આગોતરા જામીન મંજુર

**આરોપીપક્ષે રાજકોટના વકિલ અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ અને રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ ૧૪/૦૬/૨૦૨૫ના રોજ કોઠારીયા રોડ ગોકુલ નગરમાં રહેતા ફરીયાદી હનીફભાઈ ગુલમામદભાઈ સવાણે તેમના પાડોશમાં રહેતા ૧) એજાજ અનવરભાઇ હેરંજા, ૨) અનવરભાઇ રમઝાનભાઈ હેરંજા, ૩) હમીદાબેન અનવરભાઇ હેરંજા, ૪) પરવીનબેન અનવરભાઇ હેરંજા ઉપર ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ કરેલ કે, ફરીયાદી તારીખ૧૪/૦૬/૨૦૨૫ના રોજ સવારે પોતાનું સ્કૂટર બહાર કાઢતા હતા ત્યારે પાડોશમાં રહેતા હમીદાબેન અનવરભાઇ હેરંજાએ તેમણે કહેલ કે, આજે તો તમારો ફેસલો કરી નાખવો છે રોજ ઊઠીને માથાકુટ નહીં તેમ બોલતા ફરીયાદી હનીફભાઇ ગુલમામદભાઈ સવાણે તેમને આ રીતે બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાય ગયેલ અને ફરીયાદી સાથે ઝઘડો કરવા લાગેલા દેકારો થતાં આરોપીના પતિ,પુત્ર,અને પુત્રી ઘરની બહાર નીકળેલા ત્યારબાદ હમીદાબેન ફરીયાદીને જેમફાવે તેમ બોલવા લાગેલા આરોપીઓ લોખંડનો સળીયો, છરી, લાલ ચટણીનો વાટકો લઈ ફરીયાદી અને ફરીયાદીના પરીવાર પર હુમલો કરેલ જેમાં પરવીનબેનએ લાલ ચટણીનો મુઠો ભરી ફરીયાદી અને ફરીયાદીના પરીવારના સભ્યો ઉપર ઊડાડેલ, અન્ય આરોપીએ ફરીયાદીના ભાઈ ઉપર લોખંડના સળીયા વડે એક ઘા સાથળના ભાગે મારેલ જેથી તેને સાથળના ભાગે મુંઢ ઈજા થયેલ બાદ અન્ય આરોપીએ છરી વડે ફરીયાદીને ડાબા હાથમાં બે ઘા મારેલ તથા ફરીયાદીના માતાને બે-ત્રણ ઘા જમણા હાથમાં કલાઈથી ઉપર મારતા ચાર થી પાચ નસ કપાઈ ગયેલી જેથી લોહી નિકળવા લાગેલ એટલામાં હમીદાબેનએ પથ્થરનો ઘા કરતાં ફરીયાદીના માતાને માથાના ભાગે વાગેલ અને પરવીનબેને ઝપાઝપી પણ કરેલ અને ઢીકા પાટુનો માર પણ મારેલ જેથી ફરીયાદી અને ફરીયાદીના પરીવારજનોને મુંઢ ઈજાઓ પણ થયેલ બાદમાં અનવરભાઈએ છરી વડે ફરીયાદીના ભાઈ ઈમરાનભાઈને મારવા જતાં ઈમરાનભાઈએ છરી પકડી લેતા જમણા હાથમાં વચ્ચેની આંગળીમાં ઈજા થયેલ અને આરોપીઓ પૈકી કોઈ આરોપીએ એમ પણ ધમકી આપેલ કે હજી અમારી સાથે બોલાચાલી કરશો તો હજી માર પડશે ત્યારબાદ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતાં પોલીસની ગાડી આવી ગયેલ ત્યાં બધા જ આરોપીઓ ત્યાથી ભાગી ગયેલાઅને ફરીયાદી, ફરીયાદીના ભાઈ અને ફરીયાદીના માતા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે પહોચેલા અને ત્યારબાદ ફરીયાદી હનીફભાઇ ગુલમામદભાઈ સવાણે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ૧) એજાજ અનવરભાઇ હેરંજા, ૨) અનવરભાઇ રમઝાનભાઈ હેરંજા, ૩) હમીદાબેન અનવરભાઇ હેરંજા, ૪) પરવીનબેન અનવરભાઇ હેરંજા વિરુદ્ધ ફરીયાદ નોંધાવેલ ત્યારબાદ આરોપીઓ પૈકી હમીદાબેન અનવરભાઇ હેરંજા, પરવીનબેન અનવરભાઇ હેરંજાએ પોતાના વકીલ હુસેન એમ. હેરંજા મારફત આગોતરા જામીન અરજી કરેલ સદરહું આગોતરા જામીન અરજી ચાલી જતાં સરકારપક્ષે અન્ય આરોપીઓ પકડવાના બાકી હોય હાલના અરજદારોનો ગુન્હામાં એકટીવ રોલ હોય અને એફ.આઈ.આર.માં પણ નામ હોય આગોતરા જામીન મેળવવાની અરજી રદ કરવા રજુઆત થયેલ, બંને પક્ષો ની રજુઆત, ઉચ્ચ ન્યાયાલયો ના ચુકાદાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ રાજકોટના એડી. સેશન્સ જજ દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં હતી.

આ કામમાં હમીદાબેન અનવરભાઇ હેરંજા અને પરવીનબેન અનવરભાઇ હેરંજા વતી રાજકોટના વકિલ અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ અને રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# ટંકારાના ગજડી ગામે લિવ ઇન રીલેશનના વિવાદમાં ખેડુતને જાનથી મારી નાખવાની ધમકી

વોટસએપ કોલ કરી ગુલાબી ગેંગ દ્વારા મરાવી નાખવાની અમદાવાદના શખ્સે ધમકી આપતા ફરીયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના ગજડી ગામના રહેવાસીને લીવ-ઇન રિલેશનશીપ સંબંધિત વિવાદમાં અમદાવાદના શખ્સ દ્વારા ખોટા કેસમાં ફસાવવાની તેમજ ''ગુલાબી ગેંગના હાથે મરાવી નાખીશ' જેવી ધમકીઓ આપતો હોય જેથી કંટાળી ભોગ બનનાર યુવકે ટંકારા પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, ફરિયાદી પ્રકાશભાઇ કાળુભાઈ ડાંગર ઉવ.૪૪ રહે. ગજડી ગામ તા.ટંકારા વાળાના મોબાઇલ નંબર ઉપર તા.૦૯ એપ્રિલ ૨૦૨૪ થી ૨૧ જૂન ૨૦૨૫ સુધી અલગ અલગ સમયે આરોપી અશોક જયંતીલાલ ભારતીય રહે. વાસણા-૮ ઇશાન એવન્યુ સુંદરવન સોસાયટી અમદાવાદ શહેર વાળો તેના અલગ અલગ મોબાઈલ નંબર ઉપરથી ફરિયાદીને તેમના મોબાઇલ નંબર ઉપર મિસ્ડ કોલ, વોટસએપ કોલ અને મેસેજ દ્વારા સતત પજવણી કરી ધમકીઓ આપે છે. જેમાં ફરિયાદી પ્રકાશભાઈએ રીટાબેન સરવૈયા સાથે લીવ-ઇન રિલેશનશીપના કરાર બાદ, બંને વચ્ચે ચાલી રહેલા કોર્ટ કેસોમાં પ્રકાશભાઈને ખોટા કેસમાં ફસાવી દેવાની અને ''ગુલાબી ગેંગના હાથે જાનથી મારી નાખવાની ધમકીઓ આપી છે, હાલ ટંકારા પોલીસે પ્રકાશભાઈની ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં ચોરાઉ ૬ માલવાહક રિક્ષા અને એક બાઈક સાથે તસ્કર બેલડી ઝડપાઈ





અમદાવાદ, રાજકોટ અને મોરબીમાં નોંધાયેલ ગુનાના ભેદ ઉકેલાયાઃ એકની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પોલીસ કિમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરિયા, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને મદદનીશ પોલીસ કિંમશનર (ક્રાઈમ) બી.બી. બસિયા દ્વારા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે અન-ડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનવયે ક્રાઈમ બ્રાંચ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલિયા એમ.એલ. ડામોર, સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ. એમ.કે. મોવલિયા, વી.ડી. ડોડિયા અને એ.એન. પરમાર સહિતનો સ્ટાફ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો આ દરમિયાન રાજકોટ અમદાવાદ અને મોરબી જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશન રાજકોટ અમદાવાદ અને મોરબી જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે રજી થયેલ રીક્ષા તથા બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલા મેહુલ નરશીભાઈ સોલંકી (રહે. હાલ અમદાવાદ ગુલબાઈ ટેકરો મારવાડી ઝુપડાપટ્ટીમાં મુળ જામનગર સાધના કોલોની મારવાડી વાસ) અને જગમાલ કમાભાઈ પરમાર (રહે. માલધારી

ગાર્ડન બાપા સીતારામની મઢુલીની બાજુમાં માધાભાઈ દેવીપૂજકના મકાનમાં ભાડેથી રાજકોટ)ને કરણભાઈ માલધારી ગાર્ડન પાસેથી ઝડપી લીધા હતાં. જ્યારે રાહુલભાઈ મનસુખભાઈ ઉર્ફે ભનુભાઈ વાઘેલા (રહે. જામનગર)ના નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે. પોલીસે ચોરાઉ છ માલવાહક રિક્ષા અને એક બાઈક જમ કર્યું છે.

# જુનાગઢના ભવનાથમાં પત્નીની હત્યા મામલે પતિ પોલીસના સકંજામાં

ઘરેલું હિંસાનો કરુણ અંજામ, પત્નીનું મોત, પતિની ધરપકડઃ દીકરી નોધારી બની, પોલીસે ગુનો દાખલ કરીને હોસ્પિટલની બહારથી ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ભવનાથમાં ઘરેલુ હિંસાનો કરૂણ અંજામ આવ્યો છે. પત્નીનું મોત થયું. જે મામલે પતિની પોલીસે ધરપકડ કરી લીધી છે. મધરાતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો. જે ઝઘડામાં પતિએ પત્નીને પેટમાં લાતો મારી, જેના કારણે પત્નીનું મોત નીપજ્યું. આ ઘટનાથી દંપતીની ૧૨ વર્ષની દીકરી નોંધારી બની, કારણ કે તેની માતાનું મોત થયું અને પિતા જેલમાં ગયા છે.

દીકરીને પિતાની છત્રછાયા મળે તે હેતુથી મલુબેન છુટાછેડા પછી પણ પતિ રાજેશ દેસુર ચાવડા સાથે ૨૦ દિવસ પહેલા જ ભવનાથ ખાતે એક ઘરમાં રહેવા આવી હતી, પરંતુ રાતે પતિ-પત્ની વચ્ચે ઝગડો થતા પતિ રાજેશે પત્નીને પેટમાં લાતો મારી દેતા પત્નીનું સિવિલ હોસ્પિટલ



સારવાર માટે લઈ જતા ત્યાં તેનું મોત થયું હતું, જે અંગે પોલીસમાં પતિ સામે હત્યાનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો અને, પોલીસે આરોપી રાજેશને સિવિલ હોસ્પિટલની બહારથી ઝડપી લઈને ધરપકડ કરી છે. આ કરૂણ બનાવમાં જેના માટે પતિ-પત્ની એક થયા હતા, તે દંપતિની ૧૨ વર્ષની દીકરી કૃપાલી નોંધારી બની છે, કારણ કે, માતાનું મોત થયું અને પિતા જેલમાં ગયા છે.

# અકસ્માતમાં મહિલાનું મોત નિપજાવનાર મૂંજકાના પૂર્વ સરપંચ જેલ હવાલે

૨૧ જૂને આર્ષ વિદ્યામંદિર પાસે અકસ્માત સર્જાયો હતો, યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી કરેલ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંજકા ગામે આવેલ આર્ષ વિદ્યામંદિર પાસે ગત.તા.૨૧ના મુંજકા ગામના પૂર્વ સરપંચે બાઈક સવાર દંપતિ અને પુત્રને હડફેટે લેતાં ત્રણેયને ઈજા પહોંચતા તાકિદે પ્રથમ ખાનગી બાદ સિવિલ હોસ્પિ.માં સારવાર અર્થે ખસેડયા ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિ.માં ખસેડતા જયાં પરિણીતાએ ટુંકી સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતાં પોલીસે મુંજકાના પૂર્વ સરપંચ સામે ગુનો નોંધી ધરપકડ કરી જેલ હવાલે કર્યા છે.



આ અંગેની માહિતી મુજબ મુંજકા ગામે રહેતા અને આલાપ ગ્રીન પાસે આવેલી માર્કેટમાં શાકભાજી વેચવાનું કામ કરતા ભરતભાઈ બિજલભાઈ પરમાર ઉ.૩૬, તેના પત્નિ મનુબેન ભરતભાઈ પરમાર ઉ.૩૫ અને પુત્ર યુવરાજ ઉ.૧૦ ગત.તા.૨૧ના મુંજકા ગામથી વાડીએ જતા હતા ત્યારે મુંજકા ગામના પૂર્વે સરપંચ જે.ડી જાદવ એ પોતાની હેરીયર કાર નં જીજે ૦૩ એનપી ૯૬૫૧થી બાઈક સવાર ત્રણેયને હડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચતા તાકિદે પ્રથમ ખાનગી હોસ્પિ.માં સારવાર અર્થે ખસેડતા ભરતભાઈને પગમાં પ્લાસ્ટિક સર્જરી કરાવી પડી હતી. તેમજ પુત્રને પગમાં ફેકચર થયું હતું. જયારે મનુબેનને માથામાં ઈજા પહોંચતા બેભાન હાલતમાં આઈસીયુમાં રખાયા હતા.ત્યાંથી સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડયા હતા. બાદ વધુ સારવાર અર્થે પરિણીતાને અમદાવાદ સિવિલ હોસ્પિ.માં ખસેડાઈ હતી જયાં ટુંકી સારવાર દરમ્યાન પરિણીતાએ દમ તોડી દેતા યુનિ.પોલીસ મથકમાં અકસ્માત સર્જનાર મુંજકા ગામના પૂર્વ સરપંચ જે.ડી.જાદવ સામે ગુનો નોંધી પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે આરોપી પૂર્વ સરપંચની ધરપકડ કરી જેલ હવાલે કરી દીધા છે.

# રૈયાધાર મફતીયાપરામાં વૃદ્ધનો ઘરમાંથી સળગેલી હાલતમાં મૃતદેહ મળ્યોઃ હત્યાની આશંકા

**એકલવાયુ જીવન જીવતા વૃદ્ધની લાશ ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢતા માથાના ભાગે ઈજાના નિશાન જેવા મળ્યા; ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર વિસ્તારમાં શાંતિનગરના ગેઇટ નજીક સ્લમ કક્વાર્ટર સામે મોમાઈનગર મફતીયાપરા શેરી નં. ૩માં એકલા જ રહેતાં વૃધ્ધની લાશ તેના ઘરમાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ છે. રાતે ઘરમાંથી ધૂમાડા નીકળતાં ભાડૂઆતે નજીકમાં જ રહેતાં વૃધ્ધના ભાણેજને જાણ કરતાં ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. ઘરમાંથી વૃધ્ધ દાઝેલા મળ્યા હતાં અને માથામાં ઈજા પણ હતી. બનાવ આત્મહત્યાનો છે કે અન્ય કંઈ? તે અંગે ફોરેસિક પોસ્ટમોર્ટમ બાદ બહાર આવશે.

આ અંગે જાણવા મળ્યા મુજબ રૈયાધાર મફતીયાપરામાં રહેતાં મનસુખભાઈ આણંદજીભાઈ ટાંક (ઉ.વ.૭૫) પોતાના ઘરમાં દાઝી જતાં મોત થયાની જાણ ૧૦૮ના ઈએમટી કેતનભાઈએ કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઈન્ચાર્જ એલ. બી. ડીંડોર મારફત થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આઈ. એ. બેલીમ સહિતના સ્ટાફે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો.

મૃત્યુ પામનાર મનસુખભાઈ ટાંક એકલા જ રહેતાં હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરી છે જે સાસરે છે. મનસુખભાઇના ઘરથી થોડે જ આગળ તેમના ભાણેજ રાજેશભાઈ ઘનશ્યામભાઈ પટેલ રહે છે. રાજેશભાઈએ ઘટનાની વિગતો આપતાં જણાવ્યું હતું કે મારા મામા એકલા જ રહેતાં હતાં. અમે તેમને જમવાનું નાસ્તો પહોંચાડતાં હતાં. હું રિક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. રાતે સાડા દસેક વાગ્યે હું સુતો હતો ત્યારે ભાડુઆત તેજસભાઈએ મને કહ્યું હતું કે તમારા મામાના ઘરમાંથી ધૂમાડા નીકળે છે.

આથી હું તુરત મારા ઘરથી ત્રણ ઘર દુર આવેલા મામા મનસુખભાઈ ટાંકાના ઘરે પહોંચ્યો હતો. ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ફાઈટર આવ્યું હતું. તેણે અંદર જઈ જોતાં મારા મામા દાઝેલી હાલતમાં મળ્યા હતાં. તેમના માથામાં ઈજાના નિશાન પણ હતાં. અમે ૧૦૮ને બોલાવતાં મામાને ડોક્ટરે મૃત જાહેર કર્યા બાદ પોલીસને જાણ કરી હતી. મામા મનસુખભાઈ એકલા જ રહેતાં હોઈ તેમણે કંટાળીને જાતે અગ્નિસ્નાન કર્યુ કે પછી અન્ય કંઇ થયું? તેની અમને ખબર નથી. જો કે ઘરમાંથી કોઈ ચીજવસ્તુ ગાયબ નથી. માથામાં ઈજાના નિશાન છે તે પડી જવાથી થયા કે કેમ? તે પણ અમને ખબર નથી. તપાસનીશ પીએસઆઈ આઈ. એ. બેલીમે જણાવ્યું હતું કે મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે.

આ બનાવને પગલે રૈયાધાર વિસ્તારમાં ચર્ચા જાગી છે. તસ્વીરમાં શંકાસ્પદ મૃત્યુ પામનાર મનસુખભાઇ આણંદજીભાઈ ટાંકનો નિષ્પ્રાણ દેહ અને તેમનો ફાઇલ ફોટો જોઇ શકાય છે.

# રાજકોટમાં હૃદયરોગના હુમલાથી રિક્ષાચાલક સહિત વધુ ત્રણના મોત

સંબંધીના ઘરે આવેલા ગઢડા પંથકના વૃધ્ધનું હાર્ટ બેસી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ ત્રણ માનવ જીંદગી કાળના ખપરમાં હોમાય છે. જેમાં ગઢડાના હરીપર ગામે રહેતા વૃધ્ધ રાજકોટમાં અગાઉ જ્યાં નોકરી કરતાં હતાં ત્યાં મળવા અને દવા લેવા માટે આવ્યા હતાં તે દરમિયાન સંબંધીના ઘરે રોકાયા બાદ હૃદયરોગનો હુમલો આવતાં મોત નિપજ્યું હતું. જયારે વર્ધમાન નગરમાં રીક્ષા ચાલક પ્રૌઢ અને પોપટરામાં આધેડને હૃદયરોગનો હુમલો ભરખી ગયો હતો.

જાણવા મળતી વિગત મુજબ, ગઢડા તાલુકાના હરિપર ગામે રહેતા કરશનભાઈ માલાભાઈ રાઠોડ નામના ૬૦ વર્ષના વૃધ્ધ રાજકોટમાં રામનાથપરામાં રહેતાં સંબંધી



દિનેશભાઈના ઘરે હતાં ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં ઢળી પડતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન વૃધ્ધનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી હતી. પ્રાથમિક પુછપરછમાં કરશનભાઈ રાઠોડ રાજકોટમાં અગાઉ જ્યાં સિક્યોરિટી ગાર્ડમાં નોકરી કરતાં હતાં ત્યાં મળવા અને પોતાની દવા લેવા માટે આવ્યા હતાં. તે દરમિયાન સંબંધીના ઘરે રોકાતા હૃદયરોગનો હુમલો આવતાં મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. જયારે બીજા આ બનાવમાં નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર વર્ધમાનનગરમાં રહેતા રીક્ષાચાલક જયેશભાઈ હેમતરામ કુબાવત (ઉ.વ.૫૫) નામના પ્રૌઢ આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે હાર્ટએટેક આવતા બેભાન થઇ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યુ ૯ અ. જયારે ત્રીજા બનાવમાં પોપટપરા પોસ્ટઓફિસ પાસે રહેતા રાજા સુબ્રમણ્યમ મદ્રાશી (ઉં.વ.૪૪) નામના આધેડ પોતાના ઘરે હતા ત્યારે બેચાન થતા જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ અહીં તેમનું મોત નીયજપ હતુ પ્રાથમિક તપાસમાં મૃતકને સંતાને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તબીબો દ્વારા હાર્ટએટેકથી મોત થયાનો અભિપ્રાય આપ્યો હતો.

# આણંદપર (બાધી) ગામે પંખો ચાલુ કરતી મહિલાનું વીજ શોક લાગતા મોત

## હાઉસિંગ ક્વાર્ટરમાં કેન્સરની બીમારી સબબ મહિલાએ દમ તોડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના આણંદપર (બાંધી) ગામે પંખો ચાલુ કરવા જતા વીજ શોક લાગવાથી મહિલાનું મોત નીપજ્યું હતુ. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છ્વાય જવા પામી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના આણંદપરા બાધી ગામે રહેતા કંચનબેન અશોકભાઈ કાતક (ઉ.વ.૪૭)નામનો મહિલા આજે સવારે પોતાાન ઘરે હતા ત્યારે પંખો ચાલુ કરવા જતા સ્વીચબોર્ડમાંથી વીજ કરંટ લાગતા તેઓ બેભાન થઇ ઢળી પડતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલાજ તેમનુ મોત નીપજ્યુ હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતકને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી હોવાનુ જાણવા મળ્યું છે. જયારે બીજા બનાવમાં કાલાવડ રોડ પર રૂડા હાઉસીંગ સોસાયટીમાં રહેતા ભાવનાબેન ભરતભાઈ કારેલીયા (ઉ.વ.૪૮)નામના મહિલાનું આજે સવારે કેન્સરની બીમા-રી સબબ મોત નીપજ્યુ હતુ. આ અંગે યુનિ.પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રૈયાગામના સ્માશાન પાસે દારૂનું કટીંગ થાય તે પહેલા ડીસીપી ઝોન-૨ એલસીબી ત્રાટકી

**બે શખ્સોને દબોચી લઇ રૂ.૬.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જેઃ બેડી ચોકડી પાસે કારમાં ૫૦૦ લીટર દેશી દારૂ સાથે ચુનારાવાડના શખ્સની ધરપકડ**















**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાતમ આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરો પણ સક્રિય બન્યા છે. તેની સામે પોલીસે પણ પેટ્રોલિંગમાં વધારો કરી બાતમીદારોનું નેટવર્ક તેજ બનાવતા ગઇકાલે રાત્રીના રૈયા ગામમાં આવેલ સ્મશાન ખાતે મફતીયાપરામાં ઇંટુના ભઠ્ઠા પાસે દારૂનું કટીંગ થાય તે પહેલા ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમ ત્રાટકી બે બુટલેગરોને બે વાહન સહિત દબોચી લઇ રૂ.૬.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જયંતિભાઇ, રાજેશભાઇ, હેડ કોન્સ. રાહુલભાઇ, શકિતસિંહ, હેમેન્દ્રભાઇ, ધર્મરાજસિંહ અને કોન્સ. કુલદિપસિંહ સહિતનો સ્ટાફ ગત રાત્રીના રૈયાગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અગાઉ દારૂના ગુન્હામાં પકડાયેલ ફૈઝલ રાજુ બ્લોચ તથા વિજય રાજુ ઉકેડીયા નામના બુટલેગરો રૈયાગામના સ્મશાનની સામે આવેલ મફતીયાપરામાં ઇંટુના ભઠ્ઠા પાસે જાહેરમાં વિદેશી દારૂનું કટીંગ કરતા હોવાની હકિકતના આધારે પોલીસે દરોડો પાડતા રૈયા ગામનો અલ્ફાજ ફિરોઝ ગોરી તથા શિવપરા રૈયા રોડનો અમીરખા ફિરોઝખા બ્લોચ અને ગાંધીગ્રામ ભારતીનગરનો યશ ઉર્ફે બિટ્ટું સુરેશ ઝીંઝુવાડીયા નામના ત્રણેય શખ્સોને દબોચી લઇ સ્થળ પરથી વિદેશી દારૂની ૩૯૬ બોટલ, ૩ મોબાઇલ, એક સીએનજી રીક્ષા અને કાળા કલરનું એક્ટિવા સહિત કુલ રૂ.૬.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આકરી પુછપરછ કરતા ફૈઝલ રાજુ બ્લોચ તથા વિનેય રાજુ ઉકેડીયા દરોડા દરમ્યાન નાસી ગયા હોવાની હકિકત મળતા પોલીસે આ બન્ને બુટલેગરોની શોધખોળ આદરી છે.

જયારે અન્ય એક દરોડામાં ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી.ડોડીયા, હેડ કોન્સ. દિલીપભાઇ, દિપકભાઇ, વિશાલભાઇ સહિતનો સ્ટાફ રાજકોટ મોરબી હાઈવે બાયપાસ રોડ પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બેડી ચોકડી પાસેથી ફોર્ડ ફિયાસ્ટા કાર નંબર જીજે૧કેએ૭૭૦૨ લઇ એક શખ્સ શંકાપસ્દ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરી અટકાવી તલાસી લેતા તેમાંથી ૫૦૦ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે કારનો ચાલક અનિલ ભીમા મુળીયા (રહે. ચુનારાવાડ, ભાવનગર રોડ)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આકરી પુછપરછ કરતા દેશી દારૂનો જથ્થો ચોટીલા તાલુકાના સાલખડા ગામના વસંત લધરા બાવળીયાએ મોકલાવ્યો હોવાનું અને માજોઠી નગરમાં રહેતો અનવર ઉર્ફે બાબુ માજોઠીને આપવાનો હોવાનું જણાવતા પોલીસે બન્ને શખ્સોની શોધખોળ આદરી છે.